
# બીજમાંથી વૃક્ષ થઈ મહાલ્યા કરું...

– પ્રતાપભાઈ પંડયા



લોકભારતી પ્રકાશન

‘ઝાડનાં પારખાં ફળ પરથી’ શ્રેણી – ૨૭

# બીજમાંથી વૃક્ષ થઈ મહાલ્યા કરું…

: લેખક :

શ્રી પ્રતાપભાઈ પંડ્યા

: પ્રકાશન :

લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ, સણોસરા, જિ. ભાવનગર.

## અનુક્રમ

પ્રકાશન ........................................ 3

આમુખ ........................................ 4

પૂર્વ વિદ્યાર્થીઓની સાફલ્યગાથારૂપ પુસ્તિકાઓની શ્રેણી ........................................ 6

બીજમાંથી વૃક્ષ થઈ મહાલ્યા કરું... ........................................ 8

વૃક્ષનાં કેટલાંક ફળો – ચિત્રમાધ્યમે ........................................ 33

## પ્રકાશન


પ્રકાશક :

હસમુખ દેવમુરારિ

નિયામક, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ, સણોસરા. પીન ૩૬૪૨૩૦

આવૃત્તિ પહેલી : જૂન ૨૦૧૮

ઇ–બુક આવૃત્તિ : એપ્રિલ, ૨૦૧૯.

પ્રત : ૧૦૦૦

કિંમત : રૂ. ૨૦/-

કમ્પ્યૂટર ટાઇપ, સેટિંગ અને પ્રિન્ટિંગ

ગાયત્રી પ્રિન્ટિંગ પ્રેસ, ભાવનગર

## આમુખ

આજે સમગ્ર વિશ્વ એક અજંપાભર્યા ભાવાવરણમાં જીવી રહ્યું છે. ભૌતિક સુખ અકલ્પનીય હાંસલ થયું હોવા છતાં આંતરિક અને બાહ્ય એમ બંને જગતમાં અસુખ અનુભવાય છે. સમગ્ર માનવજાતિ આજે સાંસ્કૃતિક અને પ્રાકૃતિક પ્રકોપોની વચ્ચે સેન્ડવીચ થઈને જીવી રહી છે, ત્યારે તમામ ક્ષેત્રનાં તજજ્ઞોએ એવું તારણ-કારણ જણાવ્યું છે કે આ માટે આપણી જીવનશૈલી જવાબદાર છે. સંસ્કૃતિને સાચવીને અને પ્રકૃતિને સંવર્ધિત કરીને જીવવાને બદલે આપણે ભૌતિકિ સુખોની પાછળ આંધળી દોટ લગાવીને અનેક ક્ષેત્રોના ભોગે જીવન જીવી રહ્યાં છીએ.

આજની આ પરિસ્થિતિમાંથી નીકળીને પ્રકૃતિને અને માયલાને મોજમાં રાખવા માટેનું કોઈ એક માત્ર હાથવગું સાધન હોય તો તે છે શિક્ષણ, શિક્ષણ અને શિક્ષણ. પ્રવૃત્તિ અને અનુભવ દ્વારા અપાતી જીવાતા જીવન સાથેની અનુબંધિત કેળવણી એ જ એક માત્ર ઉપાય છે. કેળવણી એ સાધ્ય નથી પણ મનુષ્યમાં રહેલાં મનુષ્યત્વને ઉજાગર કરી આપતું એક માત્ર સક્ષમ સાધન છે. આપણું શિક્ષણ પરીક્ષા, ડીગ્રી, સ્પર્ધા વગેરેની માયાજાળમાં એવું ફસાઇ ગયું છે કે શિક્ષણના ક્ષેત્રમાં શિક્ષણ સિવાયનું બીજું બધું જ ઘુસી ગયું છે ! શિક્ષણ કયાંય નથી !

આજે જયારે શિક્ષણ મોંઘું, જટિલ, કંટાળા-જનક, ભણતર વગરના ભારરૂપ અને ભારે સ્પર્ધાત્મક બનીને પીડાદાયક બની ગયું છે, પૂ. નાનાદાદાના શબ્દોમાં 'વાંઝણું' બની ચૂક્યું છે, ત્યારે આપણે શિક્ષણની ગુણવત્તા અને માયલાને સુખી રાખતા ફિનલેન્ડ જેવા દેશોનું શિક્ષણ સમજવા મથી રહ્યા છીએ હકીકતે ઘાટ તો એવો થયો છે કે 'કાંખમાં છોકરું અને છોકરું શોધવાં નીકળ્યાં !'

વ્યક્તિ, પરિવાર, સમાજ, પ્રદેશ, દેશ અને સર્વાંશે વિશ્વને સુખી કરતું બત્રીસલક્ષણું છાત્રાલયકેન્દ્રી અને સંસ્કારોનું ધરુવાડિયું, અનુભવ અને અનુબંધયુક્ત કેળવણી એવું નઇ તાલીમનું શિક્ષણ આપણી જ કાંખે બેઠું છે !! ૧૯૩૮ થી પ્રારંભાએલી આ કેળવણી લોકદક્ષિણામૂર્તિ સંસ્થાઓમાં આજે પણ ગુણવત્તા સભર ધબકી રહી છે. અમે શા માટે અમારાં વખાણ-પ્રશંસા કરીએ ? તમે જ જાણો - વાંચો - અનુભવો - માણો અને સ્વીકારો અમારાં અનેક ક્ષેત્રોમાં નોંધપાત્ર કામ કરી રહેલાં પૂર્વ વિદ્યાર્થીઓની સાફલ્યગાથાઓ - અંતે ઝાડનાં પારખાં તો તેનાં ફળ પરથી જ થાય ને ?

'ઝાડનાં પારખાં ફળ પરથી' શ્રેણી પ્રથમ સન ૧૯૮૩માં ૨૧ પુસ્તિકાઓના સંપુટ સાથે પ્રારંભાયેલી. પછી બીજી ૫ પુસ્તિકાઓનું પ્રકાશન સન ૨૦૦૪માં થયું. હવે એક પછી એક પુસ્તિકાઓનું આજે

પ્રકાશન કરવાના આયોજન સંદર્ભે આ પ્રકાશન પ્રકાશિત કરતાં હું આનંદ અને ગૌરવની મિશ્ર અનુભૂતિ કરી રહ્યો છું.

આ પ્રકાશનના તમામ સહયોગીઓના ઋણસ્વીકાર સાથે...

નોંધ :- આ શ્રેણીની તમામ પુસ્તિકાઓ અમારી વેબ સાઇટ www.lokbharati.org ઉપર e-book તરીકે ઉપલબ્ધ છે.

તા. ૧૫-૦૬-૨૦૧૮

અરુણભાઈ દવે
મેનેજિંગ ટ્રસ્ટી
લોકદક્ષિણામૂર્તિ સંસ્થાઓ



# પૂર્વ વિદ્યાર્થીઓની સાફલ્યગાથારૂપ પુસ્તિકાઓની શ્રેણી

**‘ઝાડનાં પારખાં ફળ પરથી’**

| ક્રમ | પૂર્વ વિદ્યાર્થીનું નામ | પુસ્તિકાનું શીર્ષક | |
|---|---|---|---|
| ૦૧ | શ્રી નાગજીભાઈ દેસાઈ | અંધારા ભેદીને | |
| ૦૨ | શ્રી ચંદ્રકાંત ઠાકર | અજવાળાં ઉતારો આપણ દેશમાં | |
| ૦૩ | શ્રી મોહન દાંડીકર | કેડી અને ચઢાણ | |
| ૦૪ | શ્રી સુમંત રાવળ | તાલીમનાં ફળ | |
| ૦૫ | શ્રી સવશીભાઈ મકવાણા | વગડામાં વનરાઈ | |
| ૦૬ | શ્રી કરમશીભાઈ મકવાણા | વનરાનું હું તો ભાઈયું ફૂલડું-૧ | |
| ૦૭ | શ્રી કરમશીભાઈમકવાણા | વનરાનું હું તો ભાઈયું ફૂલડું-૨ | |
| ૦૮ | શ્રી દુલેરાય માટલિયા | માલપરાની વિદ્યાવાડી-૧ | |
| ૦૯ | શ્રી રામજીભાઈવાઘાણી | માટીની સુગંધ | |
| ૧૦ | શ્રી ગણેશ ડાભી | કાષ્ટે ફૂટયાં ફૂંપળ | |
| ૧૧ | શ્રી ગોવિંદભાઈ પટેલ | મારું જીવન ઘડતર | |
| ૧૨ | શ્રી દુલેરાય માટલિયા | માલપરાની વિદ્યાવાડી-૨ | |
| ૧૩ | શ્રી જગુભાઈ ગોડા | ગ્રામસ્વરાજની ઝાંખી | |
| ૧૪ | શ્રી વલ્લભભાઈ પટેલ | ધરતીને ખોળેથી | |
| ૧૫ | શ્રી મનસુખલાલ દવે | શિક્ષકનું ઘડતર | |
| ૧૬ | શ્રી સુરસંગ ચૌહાણ | પાયો અને પડથાર | |
| ૧૭ | શ્રી દલસુખભાઇ પટેલ | પ્રજાસેવાના અનુભવો | |
| ૧૮ | શ્રી લક્ષ્મણભાઇ ભ. પટેલ | આગવી સૈનિક શાળા | |
| ૧૯ | શ્રી રઘુવીર વોરા | કેદીઓનું જીવન ઘડતર | |
| ૨૦ | શ્રી જમુબેન ચૌધરી | ઉજાસ યાત્રા-૧ | |
| ૨૧ | શ્રી જમુબેન ચૌધરી | ઉજાસ યાત્રા-૨ | |

| ક્રમ | પૂર્વ વિદ્યાર્થીનું નામ | પુસ્તિકાનું શીર્ષક | નોંધ |
|---|---|---|---|
| ૨૨ | શ્રી હીરજીભાઈ ભીંગરાડિયા | કેરડે ફૂટ્યાં ફૂલ | |
| ૨૩ | શ્રી અર્જુનદેવ ગોપાણી | પોત અને પ્રતિભા | |
| ૨૪ | શ્રી હસમુખભાઈ પટેલ | યાત્રા: લોકભારતીથી ફેર ટ્રેડ સુધી | |
| ૨૫ | શ્રી જુગલકિશોર વ્યાસ | એક ચણીબોરની ખટમીઠી | |
| ૨૬ | શ્રી પ્રતાપભાઈ ત્રિવેદી | સમર્પિત શિક્ષકની શિક્ષણ યાત્રા | |
| ૨૭ | શ્રી પ્રતાપભાઈ પંડ્યા | બીજમાંથી વૃક્ષ થઈ મહાલ્યા કરું... | |

## બીજમાંથી વૃક્ષ થઈ મહાલ્યા કરું...

કહ્યું છે કે 'વાડ વિના વેલો ન ચડે.' બસ, એમ જ આ બ્રાહ્મણપુત્રની વેલને વાડ મળી ગઈ હતી. તા.૨૩મી જાન્યુઆરી, ૧૯૫૫નું ઊઘડતું પ્રભાત. હા, એ દિવસનું પ્રભાત મને બરાબર યાદ છે. અમરેલી કેન્દ્રમાં લેવાયેલી પ્રાથમિક શાળાંત પરીક્ષામાં ૬૫ ટકાએ ઉત્તીર્ણ થઈ, પી.ટી.સી.ની પરીક્ષા પાસ કરી, શિક્ષણક્ષેત્રે પ્રદાન કરવાના આશયથી પગે ચાલીને મોડી રાત્રે હું લોકભારતી, સણોસરાના દરવાજે આવી ઊભો રહ્યો. સંસ્થામાં કોઈ હાજર નહોતું. હું થાક્યો પાક્યો સંસ્થાના બાંકડે ભૂખ્યો-તરસ્યો સૂઈ ગયો. વહેલી સવારે પૂ. મૂળશંકરભાઈ ભટ્ટ આવ્યા. મને એક અજાણ્યા યુવાનને સૂતેલો જોઈ નવાઈ પામ્યા. મને જગાડતાં તેમણે મને વહાલથી પૂછયું : તું કોણ છે અને ક્યાંથી આવ્યો છે ? મેં ઉત્તર આપ્યો : મારા ગામ અડતાલાથી પગે ચાલીને મોડી રાતે અહીં આવ્યો છું. મારું નામ પ્રતાપ છે અને મારે આપની સંસ્થામાં પી.ટી.સી. માટે દાખલ થવું છે. પૂ. ભાઈએ મને પિતા જેવી હૂંફ આપી. પ્રેમથી પોતાને ઘેર લઈ ગયા. ત્યાં નહાઈ-ધોઈ નાસ્તો કર્યો. આવો પ્રેમ જોઈ હું ગદગદિત  થઈ ગયો. મારામાં રહેલું બીજ અંકુરિત થયું. પૂ. મૂળશંકરભાઈ ભટ્ટ લોકભારતી, સણોસરાનો ધબકાર હતા. તેમની હૂંફમાં હું રમમાણ થઈ ગયો.

કોઈપણ સંસ્થાના આવા સકારાત્મક સંચાલકોને કારણે સંસ્થાની સુવાસ ચારે બાજુ પ્રસરી જતી હોય છે. આ વિશાળ આમ્રવૃક્ષનાં મિષ્ઠ ફળ સમાન કેટલાયે વિદ્યાર્થીઓએ જીવનના વિભિન્ન ક્ષેત્રોમાં પોતાની કીર્તિ પ્રસારી છે. સંસ્થામાં દાખલ થયા પછી મને પૂ. નાનાભાઈ ભટ્ટ, શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક', શ્રી રતિભાઈ અંધારિયા અને બીજા મહાનુભાવોનો સઘન પરિચય થયો. શિક્ષણની સાથે સાથે તેમના વ્યક્તિત્વનો પણ પરિચય થયો. એ સહુના વ્યક્તિત્વની સુવાસ, નિષ્ઠા, પ્રામાણિકતા અને શિક્ષણથી પી.ટી.સી.નો અભ્યાસ કર્યો. મારા જીવનઘડરિનું નિમિત્ત આ ગુરુજનો બન્યાં. અગરબત્તી ભલે બુઝાઈ જાય, પણ એણે પ્રસરાવેલી સુવાસ લાંબા સમય સુધી વાતાવરણને પ્રફુલ્લિત રાખે છે એમ આ ગુરુજનોએ એમનાં જીવનદર્શન વડે, રચનાત્મક અભિગમ વડે અને

શિક્ષણ વડે મારા જીવનમાં ગાઢ અસર જન્માવી. પ્રસ્ફૂટિત થયેલા બીજને વિકાસનો પ્રાણવાયુ મળ્યો.

આવા સમર્થ ગુરુઓની નિશ્રામાં શિક્ષણ, સંસ્કાર, નીડરતા અને શ્રમ-સાદગી સાથે આજીવન ખાદી પહેરવાનાં ઉત્તમ વ્રતોનું આચરણ કરતાં કરતાં જીવન જીવવાની તાલીમ મળી. આજે પણ ૭૮

વર્ષની વયે ખાદી વસ્ત્રો ધારણ કરવાનો મારો અફર નિયમ જળવાઈ રહ્યો છે. એ પહેરતાં મને લોકભારતીએ આપેલાં શિક્ષણ અને સંસ્કારોનું સહજ સ્મરણ થાય છે.

પરંતુ પી.ટી.સી. કરવાનું અને લોકભારતીમાં શિક્ષણ લેવાનું મૂળ કારણ તો શિક્ષણના જ્ઞાનયજ્ઞમાં જોડાઈને આવતી કાલના નાગરિકોનું ઘડતર કરવાનું હતું. ભારતમાં આશરે સાડાસાત લાખ જેટલાં ગામડાં છે. આઝાદી પછીના દશકનું ગામડું કોઈ રીતે આદર્શ ન હતું. નગરવાસીઓનાં સંતાનો સરળતાથી શિક્ષણ મેળવી શકતાં હતાં, જ્યારે દૂર દૂરના ગામડાંઓમાં શિક્ષણ મેળવવા માટે કંઈ જ નહોતું. અલબત્ત, આજે પણ અંતરિયાળ ગામોમાં જ્યાં પાયાની જ સુવિધાઓ નથી ત્યાં શિક્ષણની વાત સ્વપ્નવત્ છે. આથી હું કાળુભાર નદીના કાંઠે ફક્ત ૮૦ માણસોની વસ્તીવાળા કોઈ જ ભૌતિક સગવડ વિનાના ગામની ૧ થી ૪ ધોરણની ફક્ત ૧૯ વિદ્યાર્થીઓવાળી શાળામાં આચાર્ય તરીકે જોડાયો. આ ગામ હતું ચોસલા. ગામ નાનું હતું, પણ ઉત્સાહી હતું. ૧૯૫૮માં મેં ગ્રામપંચાયતના ચૉરામાં રેડિયો મુકાવ્યો. રેડિયો પર આકાશવાણી અમદાવાદ-વડોદરા કેન્દ્રના સમાચાર આવે. સાંજે લોકો ભેગા મળી કૃષિક્ષેત્રના સમાચાર અને રામજીભાઈ-શામજીભાઈની વાતો સાંભળે. ગમ્મત સાથે જ્ઞાન મળે.પછી તો ગામના ચૉરે વર્તમાનપત્રોની પણ સગવડ કરી. શાળાનાં બાળકોને શિક્ષણ સાથે સદ્‌વાચનના પાઠ શીખવા મળે એ હેતુથી માલપરા ગામથી પુસ્તકો પણ લાવતો. બાળકો હોંશે હોંશે એ વાચતાં. લોકભારતીમાં અંકુરિત થયેલા છોડને આમ, ધીમે ધીમે કૂંપળો ફૂટી.

શિક્ષણ, સંસ્કાર અને વાચનશોખનાં સારાં પરિણામો પણ મળ્યાં. એનાં બીજ ભીખાભાઈ ભીંગરાડિયાના પુત્ર હીરજીમાં રોપાયાં. સતત પ્રયત્નોથી સ્વબળે તે પણ મારી જેમ લોકભારતીમાં કૃષિસ્નાતક થયો. ભાષા પ્રત્યે પણ એને પ્રેમ હતો એટલે બાર્ટન લાઈબ્રેરીનાં પુસ્તકો વાંચી આગળ વધ્યો. ભારત સરકારે એને કૃષિસ્નાતક તરીકેની પદવી મેળવવા બદલ નેશનલ ઍવૉર્ડ આપ્યો હતો. પછી તો હીરજી સાચે 'હીરો' નીકળ્યો. વતનમાં ખેતી કરે છે, ગોપાલન કરે છે. તેણે ખેતી, ખાતર, બિયારણ અને નૂતન અભિગમમાં વૈજ્ઞાનિક અભિગમ વિશે ૧૫ જેટલાં પુસ્તકો પણ લખ્યાં છે. લોકભારતીના શિક્ષણ અને સંસ્કાર-સિંચન વડે હીરજીને મારા થકી આ પ્રેરણા મળી એ માટે હું સઘળો યશ લોકભારતીને જ આપું છું.

લોકભારતીએ મારામાં આ જીવનરસ ન રેડ્યો હોય તો હું એક નાગરિક તરીકેનું મારું દાયિત્વ કેવી રીતે બજાવી શક્યો હોત ? ચોસલાથી ૧૯૫૯ના જૂન માસમાં હું ખડસલી (તા. સાવરકુંડલા)ની શિક્ષણસમિતિ સંચાલિત નઈ તાલીમ શાળામાં જોડાયો. ત્યાંનાં મારા કાર્ય માટે ૧૦ ઓગસ્ટ, ૧૯૫૯ના રોજ મારું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું. એક અકિંચન બ્રાહ્મણપુત્રને લોકભારતીના

વાતાવરણમાંથી જે કાંઈ જોવા-જાણવા અને પામવા મળ્યું હતું તેનું આ પરિણામ હતું. મારો શિક્ષણ અને નઈ તાલીમ પ્રત્યેનો ઉત્સાહ દ્વિગુણિત થયો. પેલા બીજમાંથી અંકુરિત થયેલા છોડને સફળતાનું એક પર્ણ ખીલ્યું.

પ્રાથમિક શાળાંત પરીક્ષા પછી વધુ અભ્યાસ કરવાની ધગશ હતી, તે સુધરેલી આર્થિક સ્થિતિને કારણે હળવી થઈ. ૧૯૬૦માં મેં એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કરી. ૧૯૬૦માં જ મહુવા તાલુકાના નાનકડા ગામ તરેડની નઈતાલીમ શાળામાં બદલી થતાં મેં ત્યાં સેવાઓ આપી. અને લોકભારતીના મારા ગુરુજનોના મારા પર આશીર્વાદ વરસ્યા હોય તેમ શ્રેષ્ઠ શિક્ષક તરીકેની મૂલ્યનિષ્ઠ કામગીરી માટે મારું સન્માન થયું. પેલા છોડને બીજું પર્ણ ફૂટયું.

શિક્ષણક્ષેત્રે વવાયેલાં બીજને ખાતર મળ્યું. રમાબહેન સાથે ૧૯૬૧માં ગૃહસ્થાશ્રમમાં મંગલાચરણ કર્યું. સહધર્મચારિણી પણ શિક્ષણક્ષેત્રમાં હતાં. ડગલે ને પગલે તેઓ મારા ઉત્સાહનું સંવર્ધન કરતાં હતાં. આજે લગ્નજીવનનાં ૫૫ વર્ષ પછી તેઓ સતત મને પ્રેરણા આપતાં રહે છે. લોકભારતીના ગુરુજનોએ અબુધ કિશોર પ્રતાપને સાચા અર્થમાં ‘પ્રતાપ’ બનાવ્યો હતો. તો રમાબહેને આ પ્રતાપને જીવનની કસોટીની એરણે ચઢાવી નવા પ્રતાપનું સર્જન કર્યું છે. પણ એક વાત છે કે આ સંવાદપૂર્ણ ગૃહસ્થાશ્રમની પાછળ પણ લોકભારતીના શિક્ષણ અને સંસ્કારની સુવાસ અનુભવાયા કરે છે. લોકભારતીએ આપેલા સંયમ, સમજણ, સંસ્કાર અને શિક્ષણને લીધે આ જ્ઞાનયજ્ઞ અવિરતપણે ચાલતો રહ્યો છે.

શિક્ષણના મારા જ્ઞાનયજ્ઞની સમાંતરે લોકભારતી સાથેનું મારું અનુસંધાન હજી અકબંધ હતું. જૂન,૧૯૬૪માં લોકભારતી, સણોસરામાંથી સ્નાતકની પદવી મેળવી. આમ, સંસ્થાનું એક વિશેષ ઋણ મારા પર ચઢયું. મેં દ્વિગુણિત થયેલી પ્રેરણાથી શિક્ષણ અને સંસ્કારની પ્રવૃત્તિઓ ચાલુ રાખી હતી. આ જ વર્ષે સર્વોદય યોજના, બાબાપુર સંચાલિત કમીગઢ પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે જોડાયો. સહધર્મચારિણી પણ મેડી પ્રાથમિક શાળામાંથી બદલી થતાં કમીગઢ આવી ગયાં. અમે શિક્ષક દંપતીએ આ ક્ષેત્રે કરેલાં કામની નોંધ લેવાઈ અને અમને ‘શિક્ષક દંપતી ઍવોર્ડ’ મળ્યો. એટલું જ નહીં, મને રાજ્ય સરકાર દ્વારા ‘શ્રેષ્ઠ શિક્ષક’ તરીકેનું સન્માન મળ્યું. અપાર ધન્યતાનો અનુભવ થયો. પેલા છોડને બીલીપત્રના પર્ણસમું ત્રીજું પર્ણ ફૂટયું. જો લોકભારતીએ મારામાં શિક્ષણ અને સંસ્કારનું સિંચન કર્યું ન હોત તો રાજ્યકક્ષાએ મારી નોંધ કેવી રીતે લેવાઈ હોત ? આ પછી આવી જ રળિયામણી ઘડી ફરીથી આવી. ૧૯૬૭માં ‘રાજ્યકક્ષાનો શ્રેષ્ઠ પ્રાથમિક શિક્ષકનો’ એવોર્ડ મળ્યો. લોકભારતીમાં વવાયેલું પેલું બીજ આમ છોડ થઈ વિકસતું રહ્યું.

આ પછી તો લોકભારતીના છોડે સંખ્યાબંધ પર્ણ ફૂટયાં. છોડ ક્રમશઃ વૃક્ષ બનવા તરફ જઈ રહ્યો હતો. ૧૯૭૧માં કેન્દ્ર સરકારનો સ્ત્રશ્રેષ્ઠ શિક્ષકથ તરીકેનો એવૉર્ડ મળ્યો. ૧૯૮૦માં 'અમરેલી જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક' તરીકેનો એવૉર્ડ મળ્યો. ૧૯૮૨માં શિક્ષણ સેવાનો વ્યાપ વધ્યો. ગ્રામવિસ્તારની શાળાના આચાર્યપદેથી પદોન્નતિ થતાં અમરેલી જિલ્લા કેળવણી નિરીક્ષક તરીકે સેવા આપી. સાથોસાથ પ્રાથમિક જિલ્લાશિક્ષણાધિકારી તરીકે પણ સેવા આપવાનું શરૂ થયું. વૃક્ષલીલા લોકભારતીના પ્રતાપે વિકસતી રહી.

શિક્ષણના આ જ્ઞાનયજ્ઞની સમાંતરે સંતાનોના શિક્ષણનો યજ્ઞ પણ ચાલતો હતો. લોકભારતીએ 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાનું આરોપણ કર્યું હતું. સંતાનોને હવે વધુ અભ્યાસ માટે કોઈ મહાનગરના વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ લેવાની જરૂરિયાત ઊભી થઈ. પરિણામે ૩૦ નવેમ્બર, ૧૯૯૩ના દિવસે શૈક્ષણિક કારકીર્દિમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. વતનની ધૂળ માથે ચઢાવી એની સુવાસની ગઠરી સાથે મહાનગર વડોદરામાં નિવાસ આરંભ્યો.

એક શિક્ષક સદૈવ વિદ્યાર્થી જ હોય છે. એ કદી સાધારણ નથી હોતો. મારા અસાધારણ ગુરુજનોની પ્રેરણાથી વડોદરા ખાતે એકાંતમાં જ રહેવું પડયું. કારણ, નવું શહેર, નવી ભૂમિ, નવા લોકો. પણ ધીમે ધીમે લોકોનો પચિય કેળવાતો ગયો. દરમિયાન મનમાં તો કશુંક નવું કરવાનું મંથન ચાલુ જ હતું. મેં એકલવ્યની જેમ મારી રુચિના વિષયો સ્ત્રલોકસાહિત્યથ અને સ્ત્રમાનવ મૂલ્યોથ વિશે વિચાર્યું. સરળતાથી સંદર્ભગ્રંથો મળે નહીં. મારી મૂંઝવણ વધતી જતી હતી. પણ મેં જોયેલું કે લોકભારતી, સણોસરા જેવા દૂરના સ્થળે, જ્યાં કોઈ જ સુવિધા ઉપલબ્ધ નહોતી એવા સ્થળે પૂ. મનુભાઈ પંચોળી સ્ત્રદર્શકથ ગમે ત્યાંથી પોતાના રસના વિષયો ઇતિહાસ અને સંસ્કૃતિ વિશેના ગ્રંથો મેળવીને વાંચતાં હતા અને એ વાચનના પરિણામરૂપે આપણને 'સોક્રેટીસ' કે 'દીપનિર્વાણ' જેવી નવલકથાઓ મળી છે. મને થયું કે હું તો હવે મહાનગરમાં વસું છું. મેં ગમે તેમ કરીને સંદર્ભગ્રંથો અને વિષયસંલગ્ન સંદર્ભસાહિત્ય મેળવ્યું. એનો કાળજીપૂર્વક અભ્યાસ કર્યો. પરિણામે મેં ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદમાંથી 'લોકસાહિત્યમાં માનવમૂલ્યોનું જતન' વિશે મહાનિબંધ માટે પીએચ.ડી.ની પદવી મેળવી. પ્રાથમિક શાળાંતમાંથી એસ.એસ.સી., પછી સ્નાતક, અનુસ્નાતક પછી ૨૦૦૧માં ૬૦ વર્ષની ઉંમરે પીએચ.ડી.ની પદવી મેળવી. આનું શ્રેય હું પૂ. મનુદાદા અને લોકભારતીને જ આપું.

વડોદરા સંસ્કારી નગરી છે, તો નિવૃત્તોની પણ નગરી છે. અહીં પૂર્વ-પશ્ચિમ ઉત્તર-દક્ષિણ એમ ચારે દિશાઓમાં સીનિયર સીટીઝન્સનાં સંખ્યાબંધ મંડળો ચાલે છે. લોકભારતીમાં શિક્ષણની સાથે સમૂહજીવનના પાઠ પણ શીખવા મળ્યા હતા. એટલે વડોદરા નિવાસ સ્વીકાર્યા પછી અમારા

નિવાસના વિસ્તારમાં આવેલા સીનિયર સીટીઝનના મંડળના પરિચયમાં આવવાનું થયું. તો ગુજરાત પુસ્તકાલય સ.સ. મંડળમાં જવાનું પણ થયું. ત્યાં મારા રચનાત્મક અભિગમ અને સહકારની ભાવનાને કારણે હું સહુમાં સરળતાથી ભળી ગયો. વડોદરાના સાહિત્યસર્જકો સાથે મુલાકાત અને પરિચય થયો. તેમના સાથ અને સહકારથી હું પ્રતાપભાઈમાંથી ડૉ. પ્રતાપ પંડ્યા 'શિક્ષણવિદ્' બન્યો. તો સીનિયર સીટીઝનોના મંડળમાં મોટા ભાગના સભ્યો મને 'પંડ્યા દાદા'ના હુલામણા નામે બોલાવવા લાગ્યા. મારા વિચારો - જે લોકભારતી દ્વારા ઘડાયેલા હતા - ને કારણે મારી સહકારી ભાવનાને કારણે મને વિવિધ સીનિયર સીટીઝનોનાં મંડળો દ્વારા વખતોવખત સન્માન મળ્યું. જેમાં સીનિયર સીટીઝન મંડળ, વડોદરા; વડીલવિહાર, વડોદરા; ગુજરાત રાજ્ય દ્વારા શ્રેષ્ઠ સીનિયર સીટીઝન ઍવૉર્ડ, સત્યેશ્વર મહાત્મા ગાંધી ફાઉન્ડેશન દ્વારા કવિશ્રી ડાહ્યાભાઈ પટેલ સાહિત્યરત્ન સુવર્ણ ચંદ્રક; એન.આર.આઈ. મંડળ, વડોદરા દ્વારા શ્રેષ્ઠ માનવનો ઍવૉર્ડ, લોકકલા ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા સન્માન; કચ્છ સાહિત્ય સભા દ્વારા બહુમાન; લાયન્સ અંધકન્યા વિદ્યાલય, વડોદરા દ્વારા ટ્રસ્ટી તરીકે સન્માન; સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા 'ઉત્તમ બ્રાહ્મણ'નો પૂજ્ય શ્રી રમેશભાઈ ઓઝા દ્વારા ઍવૉર્ડ; વિદેશમાં લૉસએન્જેલસ (યુ.એસ.એ.)માં 'સાહિત્યસેવી'નો ઍવૉર્ડ; જર્સી સીટી (યુ.એસ.એ.)ના ગુજરાતી સમાજ તરફથી પૂ. મોરારીબાપુના વરદ્ હસ્તે સન્માન - જેવાં અનેક સન્માનો મને મળ્યાં તેને હું મારા જીવનમાં લોકભારતીએ રેડેલાં શિક્ષણ અને સન્માનનું સુચારુ ફળ જ માનું છું. પૂ. મૂળશંકરભાઈ  ભટ્ટ, પૂ. મનુભાઈ પંચોળી સ્ત્રદર્શકથ અને અન્ય શિક્ષકોનો આત્મા આથી પ્રસન્ન થતો હોય એમ લાગ્યા કરે છે.

વડોદરામાં સાહિત્યકારો સાથે પરિચય વધતાં વડોદરાની સાહિત્યસંસ્થાઓ અક્ષરા, ગઝલસભા, ગ્રંથગોષ્ઠિ, પ્રેમાનંદ સાહિત્યસભા, શબ્દસેતુ જેવી સાહિત્ય સંસ્થાઓમાં હું સક્રિય સભ્ય બન્યો. ગુજરાત પુસ્તકાલય મંડળના પ્રમુખ તરીકે મારી પસંદગી થઈ. પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ., વડોદરાના અધ્યક્ષ શ્રી અંબુભાઈ ડી. પટેલના પરિચયમાં આવતાં પુસ્તકાલય પ્રવૃત્તિમાં મારો રસ જાગ્યો. આ પ્રવૃત્તિ અને વિશાળ વાચનનાં પરિણામે મને 'પુસ્તક પરબ' શરૂ કરવાની પ્રેરણા મળી. ઇ.સ. ૨૦૦૬માં 'ગુજરાત પુસ્તક પરબ'નો શુભારંભ કર્યો. આજે પાણીની પરબની પ્રથા તો લુપ્ત થઈ જવાના આરે છે. મેં લોકોની વાચનતૃષા સંતોષવા માટે સ્વખર્ચે સમગ્ર ગુજરાતમાં ઉત્તમ પુસ્તકો મફત આપવાનો નિર્ણય કર્યો. સંતાનો અને પત્નીનો સક્રિય સહયોગ મળ્યો. પરિણામે 'ઘર પુસ્તકાલયો' શરૂ થઈ શક્યાં. આરંભમાં વડોદરા શહેરમાં જ ઘરેથી જ આવું પુસ્તકાલય શરૂ કર્યું. પછી ગુજરાતના અન્ય જિલ્લાઓમાં આ પ્રવૃત્તિઓનો વિસ્તાર કરવા માટે 'ઘર પુસ્તકાલય'ની યોજનાનો આરંભ કર્યો. એમાં એવું રાખ્યું કે કોઈપણ સેવાભાવી નિવૃત્ત કે

સાહિત્યપ્રેમી વ્યક્તિ પુસ્તકો દ્વારા આ જ્ઞાનયજ્ઞનો પ્રસાર કરવા ઇચ્છે અને સદ્‌વાચન દ્વારા માતૃભાષાના ગુજરાતીના ગૌરવને ઓળખે, જીવનને ઊર્ધ્વગામી અને સત્ત્વશીલ બનાવવા ઇચ્છે તો તેને જ ઘેર રૂ.૫૦૦૦/- અંકે રૂ. પાંચ હજારનાં પુસ્તકો ભેટ આપી ‘ઘર પુસ્તકાલય’ શરૂ કરાવવું. આવું સૌ પ્રથમ ‘ઘર પુસ્તકાલય’ અમેરલીના શિક્ષક શ્રી હસમુખ બોરાણિયાને ત્યાં શરૂ કર્યું. દીવે દીવો પ્રગટે એમ પછી તો સ્ત્રઘર પુસ્તકાલયથની પ્રવૃત્તિ વિકસતી અને વિસ્તરતી ગઈ. પરિણામે આજે ભાવનગર, વડોદરા, અમરેલી, રાજકોટ, જૂનાગઢ, સુરેન્દ્રનગર અને ગાંધીનગર જિલ્લાઓમાં કુલ ૨૬૦ સ્ત્રઘર પુસ્તકાલયોથ શરૂ થયાં છે. આજ સુધીમાં લગભગ પચાસ લાખ રૂપિયાનાં પુસ્તકો આ જિલ્લાઓમાં વહેંચાયાં છે. હજારોની સંખ્યામાં વાચકો છે. પુસ્તક વાચવા લઈ જવા માટે કોઈ ફી નથી. કોઈ વાચક પુસ્તક પરત ન કરે તો પણ વાંધો નહીં. પ્રત્યેક વર્ષે કોઈ એક પ્રકાશકના સુચપિત્ર પ્રમાણેનાં રૂ.૫૦૦૦ની મર્યાદામાં રહીને તેમની માંગણી મુજબનાં પુસ્તકો પહોંચાડી શકાય તેવી વ્યવસ્થા ગોઠવી છે. નમ્ર ભાવે કહેવાનું કે લોકભારતીએ આપેલી કેળવણી અને જ્ઞાનયજ્ઞ દ્વારા વાચનક્ષુધા પરિતોષવાનો અને માતૃભાષાના ગૌરવનું સંવર્ધન કરવાનો આ વિચાર મારો અંગત અને ગુજરાતભરમાં સર્વપ્રથમ છે. લોકભારતીનો છોડ હવે ક્રમશઃ એક વૃક્ષનું રૂપ ધારણ કરતો હતો. એનાં મિષ્ટફળ સમાજ સુધી પહોંચી રહ્યાં છે. સ્ત્રપુસ્તક પરબથમાં કોઈનું પણ દાન, અનુદાન, ભેટ કે સરકારી સહાય લેવાતી નથી. મારાં સંતાનોમાં આ સંસ્કાર ઊતર્યા છે અને એમના તરફથી નિયમિતપણે આર્થિક સુવિધા પ્રાપ્ત થાય એવી ગોઠવણ કરી છે.

લોકભારતીએ શીખવાડેલું કે તમને સમાજે ઘણું આપ્યું છે. તમારે પગભર થયા પછી સમાજનું ઋણ ચૂકતે કરવાનું છે. હું કોઈ કવિ કે સાહિત્યકાર નથી, પણ સાહિત્ય વાંચવાનો શોખ છે. પૂ. નાનાભાઈ, પૂ. મૂળશંકરદાદા કે પૂ. ‘દર્શક’દાદાએ કોઈ ઉચ્ચતર શિક્ષણ લઈ પદવી મેળવી નથી. છતાં પૂ. નાનાભાઈનાં વિદ્યાર્થીભોગ્ય પુસ્તકો, દ્વારા આપણા પૌરાણિક ગ્રંથો અને એનાં પાત્રો વિશે વાંચીએ છીએ ત્યારે તેમના પ્રત્યે સહજ અહોભાવ થાય છે. પૂ. ‘દર્શક’દાદા તો વાચન દ્વારા જ નવલકથાકાર, ઇતિહાસકાર, ચિંતક અને દાર્શનિક બન્યા હતા. પરિણામે લોકભારતીનું વાતાવરણ જ અન્ય શૈક્ષણિક સંસ્થાઓથી ભિન્ન હતું. એમાં અભ્યાસક્રમનાં પુસ્તકો ઉપરાંત ઇતર વાચન પર વિશેષ ભાર મૂકવામાં આવતો હતો. મારા પર એની ઊંડી અસર પડી હતી. પરિણામે મારો વાચનશોખ વિકસતો ગયો. પુસ્તકો કે સામયિકોના વાચન દ્વારા કોઈ સારું કાવ્ય, લેખ, વાર્તા, નિબંધ મળી આવે તો ‘ગમતું મળે તો અલ્યા, ગુંજે ના ઘાલીએ, ગમતાંનો કરીએ ગુલાલ’ એ ન્યાયે મને લાગે છે કે આ પ્રકારનું સાહિત્ય માણસને પ્રાપ્ત પરિસ્થિતિમાંથી સુખ-શાંતિ અને સંતોષપ્રદ

જીવન પ્રદાન કરી શકે એમ છે અને એ વાચવાથી એનામાં સંસ્કારનું સિંચન થશે તો તેવું સામાયિક કે પુસ્તક, લેખ કે કવિતાસંગ્રહ, ગમે તે ભોગે મેળવીને સુજ્ઞ વાચકો સુધી પહોંચાડીને એક શુભકાર્ય કર્યાનો પરમ સંતોષ અનુભવું છું.

સંસ્કાર નગરી વડોદરાના સીનિયર સીટીઝનનાં મંડળો જેવા ક સીનિયર સીટીઝન મંડળ તથા વડીલોને જરૂરી આર્થિક સહાય કરી એમને સભાખંડની સુવિધા પ્રાપ્ત કરાવી આપી છે. લોકભારતીનું વાતાવરણ એવું હતું કે કોઈપણ વ્યક્તિ વહેંચીને જ ખાય. મારા જીવનમાં પણ આ ગુણ ઊતર્યા છે. પરિણામે એક વખતની દારુણ ગરીબી ભોગવી ચૂકેલા આ પ્રતાપ પંડયાને સમાજે અને કુટુંબે જે આપ્યું છે તે વહેંચવાથી આનંદ મળે છે અને માનસિક તથા શારીરિક સ્વાસ્થ્ય સારું રહે છે. અમેરિકા જેવી વિદેશની ધરતી પર પણ ૩૨ જેટલાં ઘર પુસ્તકાલયો આ કારણે જ શરૂ થઈ શક્યાં છે. વાચનરસમાં વૃદ્ધિ અને પુસ્તકાલય-'પુસ્તક પરબ'ની આ પ્રવૃત્તિને કારણે ૨૦૦૫માં 'ગુજરાત પુસ્તકાલય મંડળ'ના પ્રમુખ તરીકે મારી વરણી થઈ હતી. આના કારણે ગુજરાતના ઘણા જિલ્લા પુસ્તકાલયોમાં ફરીને આ પ્રવૃત્તિનો વિકાસ કેવી રીતે થાય તે બાબતે વિચારણા કરી છે. આની સમાંતરે વાચનને કારણે લેખન પ્રવૃત્તિ પણ વિકસતી ગઈ. સંતાનો ચિ.મનીષા અને ચિ. ગૌરાંગ ઍન્જિનિયરિંગમાં સ્નાતક થયા પછી અહીં થોડો અનુભવ મેળવી અમેરિકામાં સ્થાયી થયાં. આ સંતાનોના પ્રેમને કારણે ૨૦૦૨માં અમેરિકા જવાનું થયું. આ નવી દુનિયામાં મેં જે કાંઈ જોયું, જાણ્યું અને અનુભવ્યું એ બધું મેં મારી ભારતસ્થિત પુત્રી ચિ. કાશ્મિરાને પત્ર દ્વારા વર્ણવ્યું. એ પત્ર દ્વારા લખાયેલો પ્રવાસગ્રંથ 'લાગણીનો દસ્તાવેજ' નું પ્રકાશન થઈ શક્યું. પત્ર દ્વારા પ્રવાસના અનુભવોનું આલેખન કરતો આવો ગ્રંથ ગુજરાતી ભાષામાં કદાચ સર્વપ્રથમ હશે. મારો નિયમ છે કે જે દ્વારા જીવનમાં ઉચ્ચ વિચારો કરવાની પ્રેરણા મળે, જીવન જીવવાની સકારાત્મક અને રચનાત્મક દિશા મળે એવાં પુસ્તકો વાચવાં.

આ પ્રકારના ઉત્તમ ગ્રંથોનાં વાચન થકી સન ૨૦૦૪માં મેં 'સર્વેજનાઃ સુખીનઃ સન્તુ'નું પુસ્તક લખી તેનું પ્રકાશન કર્યું. પૂ. રવિશંકર મહારાજ ગુજરાતની વિરલ વિભુતિ હતા. વિદ્યાર્થીઓને એમના જીવનમાંથી પ્રેરણા મળે એ હેતુથી ૨૦૦૫ના વર્ષમાં 'પૂ. રવિશંકર મહારાજ'ના નામે પુસ્તિકા લખી. ગુજરાતની શિષ્ટ વાચનની પરીક્ષા માટે આ પુસ્તકની પસંદગી થઈ હતી. આવા જ વાચનના પરિણામરૂપે ૨૦૦૬ના વર્ષમાં 'સો ડગલાં સુખનાં'નું પ્રકાશન થયું. ૨૦૦૭માં તત્ત્વદર્શનને લગતું પુસ્તક 'હું કોણ છું ?' પ્રગટ થયું. ૨૦૧૧માં 'પ્રસન્નતાના અનુભવ' પ્રસિદ્ધ થયું. આ જ ક્રમમાં 'આઝાદીના લડવૈયા', 'હું કોઈ નથી' અને 'શિક્ષણઃ જ્ઞાનની પરબ'નું પ્રકાશન થયું.

હવે ૨૦૧૩માં પ્રકાશિત થયેલા પુસ્તક 'વેદવાણી'ની વાત. અમેરિકાની પાંચમી વખતની મુલાકાત પ્રસંગે સૌરાષ્ટ્ર અને ગુજરાતના મારા અંગત મિત્રોની એવી લાગણી અને માગણી હતી કે મારા હાથે આપણા પ્રાચીન સાહિત્ય વેદ વિષે અથવા વેદની વાત લોકભોગ્ય ભાષામાં લખાય. આપણા ચારેય વેદો વૈદિક સંસ્કૃત ભાષામાં લખાયેલા છે. આથી સામાન્યજનો એ વાંચી નથી શકતા, પછી સમજવાની તો વાત જ ક્યાં રહી ? એટલે નગરજનો અને ગ્રામવાસીઓ-જેઓ કેવળ અક્ષરજ્ઞાન ધરાવતા હોય, પછાત વિસ્તારમાં રહેતા હોય, પછાત જ્ઞાતિના હોય તેવા લોકો સમજી શકે એવી ભાષામાં 'વેદવાણી' લખવાનો વિચાર કર્યો. મહાત્મા ગાંધીએ 'કોશિયો પણ સમજી શકે' એવી ભાષા સાહિત્યમાં પ્રયોજવાનું કહ્યું હતું. લોકભારતીના શિક્ષણ, સંસ્કાર અને ગુરુજનોના સતત સત્સંગના પરિણામે સરળ ભાષામાં લખવાના યત્નરૂપે સૌ પ્રથમ વેદોમાંથી ઉત્તમ ઋચાઓ શોધી. મારા અમેરિકાનિવાસના ૬ માસ દરમિયાન ૪૦ હપ્તાનું લેખન થયું. આ લેખો 'ધબકાર' (સુરત), 'અમરેલી એક્સપ્રેસ' (અમરેલી), 'આજકાલ' તેમ જ 'તમન્ના' (બગસરા-સૌરાષ્ટ્ર)માં પ્રગટ થયા. આથી આ પુસ્તકના પ્રકાશન પૂર્વે જ એના વાચકો નિશ્ચિત હતા. હજારો વાચકોએ આ લેખો વાચ્યા. છેક અમેરિકા સુધી ફોન અને પત્રો આવ્યા. બધાએ મારી વેદવાણીને પુસ્તકરૂપે પ્રગટ કરવાની વિનંતી કરી. આ તમામ લેખો મારા આત્મીય સ્વજન અને આંતરરાષ્ટ્રીય હાસ્યકલાકાર ડૉ. જગદીશભાઈ ત્રિવેદી વાંચીને અત્યંત પ્રભાવિત થઈ ગયા. તેમણે ૨૦૧૩માં પોતે જાતે પુસ્તકની પહેલી આવૃત્તિ પ્રગટ કરી. પ્રથમ આવૃત્તિની નકલો ખલાસ થઈ જતાં વડોદરાના મારા મિત્ર સાહિત્યકાર પ્રો. સતીશભાઈ ડણાકે આદર્શ પ્રકાશન, અમદાવાદના તેમના પુસ્તકોના પ્રકાશક શ્રી કૃષ્ણકાન્ત મદ્રાસનાં અને શ્રી કમલેશભાઈ મદ્રાસીને વાત કરી. સ્વાતંત્ર્યસેનાની પિતા નવનીત મદ્રાસીનાં આ સંતાનો પણ રાષ્ટ્રીયતા અને સંસ્કૃતિના ચાહકો હતા. તેમણે હોંશથી આની બીજી આવૃત્તિ (૨૦૧૫) પ્રગટ કરી. આ બીજી આવૃત્તિમાં જરૂરી સુધારા-વધારા કરવામાં આવ્યા છે. અને એની મુદ્રણ સજાવટ અને પ્રકાશનમાં ભાઈશ્રી સતીશ ડણાકનો સક્રિય સહયોગ મળ્યો છે. આ ગ્રંથમાં મેં વેદની ઋચાઓ પર આધારિત ભાષ્યરૂપે કુટુંબ, સમાજ, મૂલ્યનિષ્ઠ શિક્ષણ, શ્રમ, ચારિત્ર્યનિર્માણ, જયજવાન-જયકિસાન, સંસ્કાર, ગૃહસ્થાશ્રમ, સત્યપ્રેમ જેવા ૪૦ વિષયોને વણી લીધા છે.

મારી આવી શબ્દસાધનાથી પ્રભાવિત થઈને 'સત્યેશ્વર મહાત્મા ગાંધી ફાઉન્ડેશન, વડોદરા' દ્વારા ૨૦૦૫નો 'સાહિત્યરત્ન સુવર્ણચંદ્રક' અર્પણ થયો છે. લોકસાહિત્ય અને લોકકલા પ્રત્યેના મારા અભિગમથી આકર્ષાઈને 'લોકકલા ફાઉન્ડેશન, અમદાવાદ' તરફથી મારું વિશિષ્ઠ સન્માન થયું છે. આ ઉપલબ્ધિના મૂળમાં લોકભારતી જ છે એમ કહેવાની જરૂર છે ખરી ?

'પુસ્તક પરબ' જેવી સદ્‌વાચનના પીરસણિયા તરીકેની મારી પ્રવૃત્તિથી પ્રભાવિત થઈને સ્રહ્યુમન સોસાયટી ઑફ ઇન્ડિયા, નડિયાદથ દ્વારા મને ૨૦૧૨ના વર્ષમાં 'સ્પેશિયલ એપ્રેસિએશન ઍવૉર્ડ' અર્પણ થયો છે. આ ગૌરવપ્રાપ્તિનો સઘળો યશ લોકભારતીની રચનાત્મક તાલીમને હું આપું છું.

મારા વિચારો અને પ્રવૃત્તિઓને વડોદરા અને ગુજરાતના ઘણા શિક્ષકો, વિદ્યાર્થીઓ, સમાજસેવીઓ અને સાહિત્યકારોએ વધાવી હતી. વડોદરા સહિત અમરેલી, ગાંધીનગર, ભાવનગર અને રાજકોટના વિવિધ વર્ગો મને માનની દૃષ્ટિએ જોતા. ઈ.સ.૨૦૧૨માં મને ૭૫ વર્ષ થતાં હતાં. આ પ્રસંગે વડોદરાના બીલીપત્ર સમાન સાહિત્યકારો સતીશ ડણાક, હરીશ વટાવવાળા, ડૉ. વિરંચિ ત્રિવેદી અને અમરેલીના મિત્રો ઉમેશભાઈ જોષી અને હસમુખભાઈ બોરાણિયાને મારા જીવનના અમૃતવર્ષનિમિત્તે અમૃતમહોત્સવ ઊજવવાનો વિચાર આવ્યો. મિત્રોએ જીવનનું મૂલ્યાંકન થાય, એમના ઝાકળસમાન સંવેદનથી ભીંજાયેલા પારિજાત સમા મારા કુટુંબીજનો, મિત્રો, વિદ્યાર્થીઓ, સાહિત્યકારો અને ચિંતકોને તેમની લાગણીઓ શબ્દરૂપે પ્રગટ કરવા માટે આમંત્રણ આપતા પત્રો લખ્યા. આના પ્રતિભાવરૂપે લગભગ ૮૦ જેટલા શુભેચ્છકોએ લેખરૂપે તેમની લાગણીઓની અભિવ્યક્તિ કરી. આના પરિણામે મારો 'અમૃતમહોત્સવ' વડોદરા ખાતે રંગેચંગે ઊજવાયો. આ નિમિત્તે મારું અભિવાદન કરતો ગ્રંથ 'ઝાકળઝીલ્યાં પારિજાત'નું પ્રકાશન થયું. આ સન્માન મને મળ્યું, તે એક સામાન્ય બ્રાહ્મણ શિક્ષક પિતાના અયાચક શિક્ષકને મળેલું આ બહુમાન હતું. આટલા બધા શુભેચ્છકોએ મને સ્રમોટોથ બનાવ્યો તેથી ગદ્‌ગદ્‌ થઈ જવાયું. આના મૂળમાં લોકભારતી-સણોસરા, ત્યાંના શિક્ષકો, સંસ્કાર અને વાતાવરણ જ છે તે કહેવાની ભાગ્યે જ જરૂર છે.

સામાન્ય રીતે આવા પ્રતિભાવાત્મક લેખોમાં લખનારના કુટુંબની વ્યક્તિગત બાબત પહેલાં જ લખાતી હોય છે. પરંતુ મેં વિષયને કેન્દ્રમાં રાખીને આ ક્રમ બદલ્યો છે. એટલે સર્વપ્રથમ એ સંસ્થા કે જ્યાંથી મને જીવન જીવવાની તાલીમ મળી, મારા ગુરુજનો કે જેમણે મને શિક્ષણ અને સંસ્કાર દ્વારા યુવાવયમાં મારા પ્રવેશ પૂર્વે જ જીવનની દિશા નક્કી કરી આપી તેને કેન્દ્રમાં રાખીને તે સંબંધી અનુભવો લખ્યા છે. યુવા અને પ્રૌઢાવસ્થા દરમિયાન સમાજે મને જે આપ્યું તેનું ઋણ ચૂકતે કરવા અને નમ્ર ભાવે સમાજને નવી દિશાસૂચન કરવા માટે મેં કરેલી સામાજિક પ્રવૃત્તિઓ અહીં દ્વિતીય સ્થાને છે. મારી મનગમતી 'પુસ્તક પરબ'ની પ્રવૃત્તિ વિશે અહીં વિગતવાર લખ્યું છે. હવે પછીના ભાગમાં મારા કુટુંબ અને જીવનની એવી ઘટનાઓનું આલેખન છે, જેમાં લોકભારતીનું માધુર્ય અને ફોરમ વેરાયેલાં-પ્રસરેલાં છે.

પૂર્વે કહેવાયું છે તેમ હું એક અયાચક વ્રતધારી પિતાનો અને કર્મકાંડી દાદાનો પુત્ર અને પૌત્ર. દાદાનું નામ પ્રાગજીભાઈ અને પિતાનું નામ જયંતિલાલ પંડ્યા. અમરેલી જિલ્લાનું નાનું સરખું

જનપદ અડતાળા મારું વતનનું ગામ. આજથી આઠ દાયકા પૂર્વેનું રજવાડી ગામ. અત્યંત સામાન્ય આર્થિક સ્થિતિ અને જીવન જીવવાનાં સાધનોની અછત વચ્ચે મારા પિતા મારાં પૂ. માતુશ્રી ગોદાવરીબાના સહકારથી ગૃહસ્થાશ્રમ ચલાવતા હતા. પિતા હંમેશા અમને ભાઈ-બહેનોને એક વાત કહેતા : કોઈપણ જાતના નાત-જાતના ભેદ રાખવા નહીં. કોઈનું મફત ખાવું નહીં. કોઈને દુઃખ આપવું નહીં અને જે મળે એમાં સંતોષથી જીવવું. પહેલાં યુવાનીના દિવસોમાં અભાવોની વચ્ચે પણ મને સંતોષથી જીવવાની અને આજે સમૃદ્ધિ વચ્ચે પરમ સંતોષથી જીવવાની મને જે પ્રેરણા મળી તેના બીજ અહીં છે.

પિતાએ શ્રીમદ્ ભગવદ્ ગીતાનો અભ્યાસ કર્યો હશે કે નહીં એની તો મને ખબર નથી. કારણ કે પિતાનું ૧૯૪૫માં અવસાન થયું ત્યારે હું કેવળ સાત વર્ષનો અબુધ બાળક હતો. પણ આજે એક વાત ચોક્કસ કહી શકાય કે મારા પિતામાં ગીતાકથિત જીવનદર્શન હાડોહાડ ઊતરેલું છે. પિતાની આ સંસ્કારમૂડીના વારસાનું મૂલ્ય મારે મન અદકેરું છે. અમને ભાઈ-બહેનોને એમના તરફથી મળેલો જીવનઘડતરનો અમૂલ્ય વારસો હતો.

મારાં માતુશ્રી પૂ. ગોદાવરીબાએ તેમના પતિને આપેલું વચન અક્ષરશઃ પાળી બતાવ્યું. એમણે સખત મહેનત મજૂરી કરી અને પારકાં કામ કરી અમને ઉછેર્યાં. એમનો આ સંસ્કારવારસો મારામાં અને મારાં ભાઈ-બહેનોમાં તો ઊતર્યો જ, મારા સંતોનો ચિ. રેખા, ચિ. કાશ્મિરા, ચિ. મનીષા અને ચિ.ગૌરાંગમાં પણ ઊતર્યા છે. જોવાની ખૂબી એ છે કે મારા દૌહિત્રો અને પૌત્રીઓમાં પણ આ વારસાની સુવાસ અનુભવાય છે. ચિ. મનન, ચિ. ફલક અને ચિ. અવિશીનાં મોં દાદા-દાદી વગર સૂનાં પડી જતાં મેં જોયાં છે. તાજેતરમાં જ મારા જન્મદિવસની ભવ્ય ઉજવણીનો કાર્યક્રમ મારાથી છાની રીતે ચિ. કાશ્મિરા અને ચિ.પ્રદ્યુમ્નકુમારે યોજયો હતો. એ પ્રસંગે સંખ્યાબંધ મિત્રો, કુટુંબીજનો અને શુભેચ્છકોને એક વીડિયો દર્શાવામાં આવ્યો હતો. એમાં મેં અમેરિકાથી મારી પૌત્રી ચિ. અવિશીને Dada, I Miss you કહેતાં સાંભળી ત્યારે ગદ્ગદ્ થઈ જવાયું હતું. સંતાનોના પિતૃપ્રેમના અદ્ભુત સાક્ષાત્કારની આ પળો હતી.

જીવનમાં સુખ અને દુઃખ વારાફરતી આવ્યા જ કરે છે. આ ઘટમાળ ચાલતી જ હોય છે. વિષમ પરિસ્થિતિમાં વીતેલું બાળપણ, કપરા સંજોગોનો સામનો કરી મેળવેલા શિક્ષણની કેટલીયે ખાટીમીઠી યાદો છે.

હું પી.ટી.સી.નો અભ્યાસ કરતો હતો. છાત્રાલયના વિદ્યાર્થીઓને જમતી વખતે ઘી પીરસવાની જવાબદારી મને સોંપવામાં આવી હતી. એકવાર વિદ્યાર્થીઓને થૂલીમાં ઘી પીરસવા માટે ઘીના

ડબ્બામાંથી વાસણમાં ઘી કાઢતી વખતે અકસ્માત મારા હાથમાંથી ઘીનો ડબ્બો છટકીને મારા પગ પર પડયો. ઘીના ડબ્બામાંથી ઘી ભોંયતળિયા પર ફેલાવા માંડ્યું. મને હમણાં જ ઠપકો મળશે, ગંભીર શિક્ષા થશે કે પછી છાત્રાલયમાંથી મને કાઢી મૂકવામાં આવશે એ ભયથી હું ધ્રૂજતો હતો. મેં મારી સામે ગૃહપતિ પૂ. મૂળશંકરદાદાને જોયા. મારી રહીસહી હિંમત પણ ચાલી ગઈ. હવે શું થશે એની કલ્પના પણ કરી શકતો નહોતો. ત્યાં પૂ. ભાઈ બોલ્યા : 'પ્રતાપ ! તને વાગ્યું તો નથી ને ?'

આ વાત્સલ્યસભર ઉદ્‌ગારો આજે પણ મારા હૃદયને ભીંજવે છે. એમણે આપેલી કેળવણીને કારણે જ હું 'વિદ્યાર્થી દેવો ભવ'ની ઉક્તિને ચરિતાર્થ કરી શક્યો છું.

મેં અગાઉ કહ્યું તેમ ભારતદેશ ગામડાંનો બનેલો છે. આ ગામડાંઓની પરિસ્થિતિ આજે પણ અઢારમી સદીનાં ગામડાંની હોય એવી જ છે. જ્યારે શહેરો દિવસે દિવસે મેટ્રોસીટી બનતાં જાય છે. એની ઝાકઝમાળભરી જિંદગી અને દેવોને પણ શરમાવે તેવી સમૃદ્ધિને કારણે શિક્ષિત વર્ગના યુવાનો પણ હવે ગામડાંને બદલે શહેરમાં વસવાનું પસંદ કરે છે. આથી ગામડાંમાં શિક્ષણ અને સમાજના વિકાસ માટે જે થવું જોઈએ એ થતું નથી. શાળાઓ હોય છે, એમાં વિદ્યાર્થીઓ પણ હોય છે. પરંતુ કમનસીબી એ છે કે એનો આત્મા ગણાય એવા સમર્પિત શિક્ષકો જ આવી શાળાઓમાં હોતા નથી ! લોકભારતીમાં અમને પાયાની કેળવણી મળી હતી. શિક્ષણની સમાંતરે અમને શ્રમ, સંસ્કાર, સમર્પિતભાવ અને સમાનતાના પાઠ શીખવાના મળ્યા. આથી એ સમયના વિદ્યાર્થી પ્રતાપનું જીવન જ બદલાઈ ગયું. એટલે મેં મારી શૈક્ષણિક કારકિર્દીનો આરંભ ગ્રામ વિસ્તારમાં આવેલા ચોસલાથી કર્યો. અહીંથી ખડસલી, તરેડ, હાથીગઢ, લુણકી, બાબરા, બાબાપુર, કમીગઢ જેવાં ગામોમાં પણ શિક્ષણ દ્વારા જીવનઘડતરનું કાર્ય કર્યું છે. એમાં લોકભારતીની કેળવણીની પ્રગાઢ અસર રહેલી છે.

ઈ.સ. ૧૯૬૩માં આશ્રમશાળા, તરવડાનું સંચાલન મારા હાથમાં આવ્યું. ભારતની સ્વાતંત્ર્ય ચળવળના સેનાની સ્વ. શ્રી રતુભાઈ અદાણીએ તરવડા ગામની શેતલ નદીને કાંઠે આ સર્વોદય આશ્રમશાળાનો આરંભ કર્યો હતો. મેં અને સૌ. રમાબહેને આ શાળા સર્વશ્રેષ્ઠ બનાવવાનો સંકલ્પ કર્યો હતો. અહીં સંકલ્પસિદ્ધ વિદ્યાયજ્ઞના કારણે તરવડાની આશ્રમશાળા નઈતાલીમ શાળાનું સમગ્ર ગુજરાતમાં સર્વશ્રેષ્ઠ 'મોડેલ' બની હતી. આથી અમને બંનેને રાજ્યકક્ષાનો 'શ્રેષ્ઠ શિક્ષક દંપતી'નો એવૉર્ડ મળ્યો હતો. શાળામાં પ્રાર્થનાનું મહત્ત્વ અદકેરું હોય છે. તરવડાની શાળામાં પ્રાર્થના વખતે હું પોતે હાર્મોનિયમ અને તબલાવાદન દ્વારા અનોખું વાતાવરણ જમાવતો હતો. ઊંચા અને મધુર સ્વરે ગીતો અને ભજનો ગાઈ વાતાવરણમાં પવિત્રતા ભરી દેતો હતો. આ પછી બાળકોને

જીવનશિક્ષણના પાઠ શીખવાના મળે એ ઉદ્દેશથી મહાત્માગાંધીની આત્મકથા 'સત્યના પ્રયોગો' અને અન્ય પ્રેરણાદાયી ચિંતનાત્મક પુસ્તકો વાચતો. મને ખાતરી હતી કે આને કારણે વિદ્યાર્થીઓનો સ્વયંભૂ વિકાસ થશે.

પણ તરવડા ગામમાં કેવળ શિક્ષણયજ્ઞ જ અમારી પતિપત્નીની પ્રવૃત્તિ રહી ન હતી. અહીં ગામના વિકાસ માટે પણ સમાજસેવા શરૂ કરી હતી. લોકસેવા અને લોકકેળવણી દ્વારા જ અમે એ કરી શક્યા. આના પરિણામે ગામ લોકોએ સામુહિક શ્રમયજ્ઞ દ્વારા ગામની નદી પર પુલ બનાવ્યો હતો. ભારતભરની પ્રાથમિક શાળાઓમાં આ બનાવ કદાચ સર્વ પ્રથમ જ હશે. શાળા માટે ભવનનાં નિર્માણ માટે પણ લોકભારતીના શ્રમ અને સમૂહજીવનની તાલીમ જ કામ આવી. શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓના શ્રમદાન દ્વારા શાળાનું સુંદર મકાન તૈયાર થયું. અહીં મેં કેવળ અજ્ઞાનનાં અંધારાં જ દૂર કર્યાં નહીં, એથી આગળ વધીને ગામના અંધારાને વીજળીના દીવાથી ઝળહળ બનાવ્યું હતું.

પૂ. મહાત્મા ગાંધીએ અસ્પૃશ્યતાનિવારણનું મિશન ઉપાડયું હતું. અસ્પૃશ્યતા આપણું સામાજિક કલંક છે. ભારતનાં ગામડાંઓમાં આજે પણ અસ્પૃશ્યતા જોવા મળે છે. ૧૯૬૭માં તરવડા ગામની સ્થિતિ પણ કંઈક આવી જ હતી. મને લોકભારતી દ્વારા સર્વધર્મ સમભાવ અને અસ્પૃશ્યતાના પાઠ પણ શીખવાના મળ્યા હતા. આથી મેં પોતે તરવડામાં અસ્પૃશ્યતા નિવારણની દિશામાં એક નાનકડું પગલું ભર્યું. ગામમાં રામજીભાઈ નામે એક હરિજન શિક્ષક હતા. એમને ઘરે લગ્નપ્રસંગનો અવસર આવ્યો. પણ ગામમાં આભડછેટની ભાવના એવી તો જડ કરી ગયેલી કે કોઈપણ ઉજળિયાત-સવર્ણને આવાં લગ્નમાં જવાનો વિચાર પણ ન આવે. મેં અને શાળાના શિક્ષકોએ આ લગ્નપ્રસંગમાં હાજર રહેવાનો અને હરિજનો સાથે એક જ પંગતમાં બેસી જમવાનો નિર્ણય કર્યો. ગામમાંથી વિરોધનો સૂર ઊઠયો. ધમકી પણ મળી. પણ આ પ્રતાપ પંડ્યામાં તો ગુરુજનોએ નીડરતા અને અન્યાય સામે ઝઝૂમવાની શક્તિ ભારોભાર ભરી હતી. અમારામાંથી કોઈપણ ડર્યું કે ડગ્યું નહીં. અમે લગ્નપસંગમાં હાજરી તો આપી જ, બધાની સાથે બેસીને જમ્યા પણ ખરા !

તરવડામાં હતો ત્યારે આવું સમાજસુધારાનું બીજું એક કામ મારા હાથે થયું હતું. ગામમાં એક ગરીબ સુથાર પરિવાર રહે. એ જમાનામાં કોઈ ભાગ્યે જ દીકરીને ભણાવતું. આ સુથાર કુટુંબ તેમની પુત્રીને અક્ષરજ્ઞાન આપવાની વિરુદ્ધમાં હતો. હું એ સુથારભાઈના ઘેર ગયો. દીકરીને આગળ ભણાવવાનો આગ્રહ કર્યો. પ્રેમથી સમજાવ્યા. એ ભાઈ સમજ્યા અને પરિણામે એ દીકરીને ભણવાનો માર્ગ મોકળો થયો. પણ ખરી મૂંઝવણ હવે શરૂ થઈ. એ મૂંઝવણ આર્થિક હતી. હવે દીકરીને પી.ટી.સી.નો અભ્યાસ તો કરાવવો હતો પણ પિતા પાસે ફી ભરવાની રકમ નહોતી. મેં

એમને ધરપત આપી. પૂરેપૂરી ફી ભરી. નમ્ર ભાવે કહેવાનું કે લોકભારતીએ આપેલા શિક્ષણ અને સંસ્કારને કારણે જ આવી બીજી કેટલીય બહેન-દીકરીઓને મદદ કરી છે.

તરવડા નાનું સરખું ગામ હતું. મોટા ભાગના લોકો અસહાય પરિસ્થિતિમાં જીવન જીવતા હતા. ત્યાં હરિજનોની સ્થિતિની તો વાત જ શું કરવી ? બે ટંક ભોજન તો ઠીક, એક વારનું ભોજન મળે તો પણ ઈશ્વરકૃપા મનાતી હતી. તરવડાની શાળામાં એ વખતે ધોરણ-૬માં નાથાભાઈ માઘડ નામે વિદ્યાર્થી અભ્યાસ કરતા હતા. તેઓ વણકર જ્ઞાતિના હતા. ગામલોકોનો વિરોધ હોવા છતાં મેં વિદ્યાર્થીને કોઈપણ જાતના ભેદભાવ વિના ભણાવ્યો. મારી સાથે આત્મીયતા વધતાં તે અવારનવાર મારે ત્યાં આવતો હતો. ઘરકામમાં રમાબહેનને મદદ પણ કરતો. બપોરે જમવાના સમયે ઘણીવાર હું એને મારી સાથે બેસાડીને જમાડતો હતો. એકવાર એણે મારે ત્યાં દાળ-ભાત ખાધાં. એ એવો ખુશ થયો કે એના મુખમાંથી સાહજિકરીતે ઉદ્‌ગાર નીકળી ગયો : 'મેં મારી જિંદગીમાં પહેલીવાર દાળભાત ખાધાં !' એક બીજો પ્રસંગ નાથાભાઈએ પોતે જ વર્ણવ્યો છે :

"શાળામાંથી પ્રવાસના આયોજનની તૈયારી થઈ. વર્ગમાં પ્રતાપભાઈએ આવી કહ્યું : દ્વારકા, ઓખા, હર્ષદમાતા, જૂનાગઢ, પોરબંદર વગેરે સ્થળોએ જવાના પ્રવાસનું આયોજન કર્યું છે. પ્રવાસમાં કોને કોને આવવું છે ? ૭૫ રૂપિયા ફી છે. તમામ વ્યવસ્થા ગોઠવીશું. વર્ગમાં બધાએ નામ નોંધાવ્યા. હું બાકી રહ્યો."

મને કહે : 'કેમ ? પ્રવાસમાં આવવું નથી ?'

મેં કહ્યું : 'આવવું તો છે, પણ...'

તો કહે : 'પણ ને બણ કાંઈ નહીં. ફી હું તારા વાલી પાસેથી મેળવી લઈશ. બીજું, તારા મનમાં જે સંશય છે તે હું સંભાળી લઈશ. થઈ જા તૈયાર !'

આટલા પ્રોત્સાહન સાથે પ્રવાસમાં જોડાયો. પ્રવાસ દરમિયાન ખાસ ધ્યાન દઈ પૂછે દર્શન કર્યાં ? નજીકથી જ દર્શન કર્યાં છે ને ? પ્રસાદી લીધી ? વગેરે કંઈક એવી આત્મીયતાથી પૂછે કે નતમસ્તક થઈ જવાય.. પ્રવાસ દરમિયાન મેળવેલાં જ્ઞાન, માહિતી તથા રોમાંચથી સાચે જ શિક્ષણ મેળવીને કંઈક બનવાની પ્રેરણા પ્રબળ બની અને સંતાનોને શિક્ષિત કરી શક્યો. આવી કૃપા તો ઉત્તમ શિક્ષક દ્વારા શિક્ષણ મેળવ્યું હોય ત્યારે જ શક્ય બને છે. સારા શિક્ષકના માર્ગદર્શનથી જીવન પણ સારું, સરળ અને જીવવા લાયક મધુરું બને છે. એ રીતે મારા વર્ગશિક્ષક પ્રતાપભાઈ પંડ્યા મારા માટે એક ઉત્તમ માર્ગદર્શક બની રહ્યા છે." (સંદર્ભ : 'ઝાકળઝીલ્યાં પારિજાત' પૃ.૧૮૫)

એક વિદ્યાર્થીએ પોતાના શિક્ષકને આપેલી આવી 'ગુરુવંદના'રૂપી ગુરુદક્ષિણાથી મને લોકભારતીના વિદ્યાર્થી તરીકે અહોભાવ અને મારા ગુરુજનો પ્રત્યે આદરભાવ વધે છે. આવા લોકભારતીના ગુરુજીઓને વંદન.

માતા-પિતા અને લોકભારતીના શિક્ષણ અને સંસ્કારને કારણે હું પ્રથમથી જ જ્ઞાતિભેદની વિરુદ્ધ હતો. જ્ઞાતિ જ્ઞાતિ વચ્ચેના ભેદ મીટાવીને બધાની એકતા સ્થાપવાના પ્રયત્નો દ્વારા સમાજ સુધારાનું કાર્ય પણ મને ગમતું. ભાવનગર જિલ્લામાંથી અમરેલી જિલ્લા સર્વોદય યોજના સંચાલિત કમીગઢ શાળામાં આવ્યો. ત્યારે ગામની વસતી આશરે ૩૦૦૦ની આસપાસ હતી. તેમાં કડવા અને લેઉઆ પટેલોની વસતી ૫૦-૫૦ ટકા હતી. આ બંને પેટાજ્ઞાતિના પટેલો વચ્ચે ભારે કુસંપ અને વેરઝેર હતાં. આથી વારંવાર નાના મોટા ઝઘડા થતા હતા. પરિણામે ખેતીથી સમૃદ્ધ એવા આ ગામનો વિકાસ અટકી ગયો હતો. ગામના કલુષિત વાતાવરણને કારણે ત્યાંની પ્રાથમિક શાળાના આચાર્ય તરીકે આવવા કોઈ તૈયાર થતું નહોતું. આ વાતની સ્પષ્ટતા કરીને જ મને અહીં નિમણૂક આપી હતી. પટેલો અહીં સ્પષ્ટ રીતે બે ભાગમાં વહેંચાયેલા હતા. બંને પક્ષો વચ્ચે મતભેદ તો ઠીક, વેરઝેર અને ઈર્ષ્યા પણ પ્રબળ માત્રામાં હતાં. અહીં તટસ્થ રહીને કામ કરવું અશક્ય નહીં, કઠિન હતું. બંને પક્ષોના આગેવાનો માથાભારે હતા. ગામમાં 'દાદા' તરીકે ઓળખાતા હતા. મેં જોયું કે અહીંની શાળાના શિક્ષકો સતત ભયના વાતાવરણમાં જીવતા હતા. શાળામાં પ્રાર્થના સભા વખતે મારા વક્તવ્યમાં મેં વિવિધ વાતો દ્વારા પક્ષાપક્ષીને કારણે ગામનો વિકાસ રુંધાય છે અને ગામને નુક્સાન થાય છે એ વાત આગેવાનો સુધી પહોંચાડી. વિદ્યાર્થીઓના વાલીઓ પ્રેમાળ અને માયાળુ હતા. શાળામાં વિદ્યાર્થીઓની પૂરતી સંખ્યા હતી. શિક્ષકો પણ સાચા અર્થમાં કર્મયોગી હતા. આ બધું હોવા છતાં શિક્ષણનું કાર્ય સરળતાથી થઈ શકતું નહોતું. મેં વાલીઓ સાથે મુલાકાતો કરીને આ વિષય પર ચર્ચા કરી. કુસંપ અને દ્વેષને કારણે નુક્સાન તો છેવટે શાળાનાં બાળકો અને ગામના વિકાસમાં અવરોધરૂપ છે એમ કહ્યું. મને હતું મારી વાત આગેવાનોના ગળે ઊતરશે, પણ બન્યું ઊલટું જ ! ગામમાંથી મારા પ્રત્યે વિરોધનો સૂર ઊઠ્યો. મને રોજે રોજ ધમકી મળવાની શરૂ થઈ : માસ્તર, ગામમાં રહેવું હોય તો સીધી રીતે રહો. તમારી માસ્તરગીરી બંધ કરો, નહિતર શું થશે એ તમે સમજી જાઓ. કાચો પોચો શિક્ષક તો ડરીને ગામ છોડીને ભાગી જાય. પણ મને લોકભારતીએ નીડરતા અને ધૈર્યના પાઠ શીખવાડ્યા હતા. હું ડગ્યો નહીં. મેં સમાધાનની મારી પ્રક્રિયા ચાલુ રાખી.

એક દિવસ અચાનક સવારે શાળામાં પ્રાર્થના સભા ચાલુ હતી અને ગામના એક માથાભારે આગેવાન-જેનાથી ગામ ડરતું હતું - વિકાસ અધિકારીને સાથે લઈને આવ્યા. તેમણે તો આવતાંની

સાથે જ શરૂ કરી દીધું : ક્યાં છે મુખ્ય આચાર્ય ? આ બધું શું ધતિંગ ચાલે છે ? ભણાવતા નથી અને સફાઈ, રમતગમત, ગીતો અને બીજી નકામી પ્રવૃત્તિઓમાં સમય બગાડો છો ? તેમણે મોટેથી બોલવાનું ચાલુ રાખ્યું. શિક્ષકો ભયના માર્યા થર થર ધ્રૂજી રહ્યા હતા. પણ હું ડગ્યો નહીં અને પ્રાર્થના ચાલુ રાખી.

પ્રાર્થના પૂરી થયા પછી આગંતુકોને મીઠો આવકાર આપતા કહ્યું : 'સાહેબ, આ નઈ તાલીમની શાળા છે. બાળકોને જીવનની કેળવણી આપવાની છે.' વગેરે. પણ વિકાસ અધિકારી તો સત્તામાં અંધ બની ગયા હતા. મારું કશુંય સાંભળ્યું નહીં અને સત્તાવાહી અવાજે વિઝીટબુક માગી. મેં આપી. તેમણે ઘણો ખરાબ રિપોર્ટ લખ્યો.

પણ હું ડગ્યો કે ડર્યો નહીં. લગભગ નવ વાગ્યે તેઓ પાછા ગયા. મેં બાળકોને રમવાની રજા આપી. શિક્ષકોની સભા ભરીને બધાને હિંમત આપી. આ દરમિયાન ગામ લોકો ટોળે વળી ગયા હતા. મેં વિવેકપૂર્વક જાહેરમાં કહ્યું કે અમે જે કાંઈ કરીએ છીએ એ સાચા શિક્ષણની પદ્ધતિ છે. ટોળાને મારી વાતથી સંતોષ થયો. એકી અવાજે એમનો સાથ મળ્યો.

મેં સર્વોદયના સંચાલકને તાલુકા વિકાસ અધિકારીએ લખેલા રીપોર્ટની નકલ અને તેમણે કરેલા વિવેકહીન ઉદ્ધત વર્તાવ વિશે લખ્યું. આશ્ચર્યની વચ્ચે બીજા જ દિવસે સવારના પહોરમાં તાલુકા વિકાસ અધિકારી પોતે જ વહેલા આવીને પ્રાર્થનાસભામાં ગોઠવાઈ ગયાં ! તેમણે જાહેરમાં સૌની ક્ષમા માગી. પછી ગામના ચોરે આગેવાનોને ભેગા કરી તેમાં લોકભારતીનું શિક્ષણ, નઈ તાલીમ અને સંસ્કારલક્ષી પ્રવૃત્તિઓ કરે એવા આ આચાર્ય પ્રતાપભાઈ તમને મળ્યા છે તો બધા એમને સાથ સહકાર આપજો એમ કહ્યું.

આ પછી કમીગઢની શાળામાં ત્રણેક વર્ષ સુધી શિક્ષણ અને અન્ય સંસ્કારલક્ષી પ્રવૃત્તિઓ કરી. મારી સમજાવટથી કડવા અને લેઉઆ પટેલો વચ્ચેના મતભેદ અને દ્વેષભાવ દૂર થયા. ગામમાં સંપ થયો. આજે પણ બંને પક્ષો સાથે મળીને ગામના વિકાસ અર્થે કામ કરે છે. આને લોકભારતીના શિક્ષણની ઉપલબ્ધિ નહીં તો બીજું શું કહેવાય ?

હવે વળી પાછી તરવડાના નિવાસ દરમિયાન શિક્ષણ અને સંસ્કારની સુવાસ વિદ્યાર્થીઓમાં કેવી પ્રસરી ગઈ હતી તેનું ઉદાહરણ આપું.

તરવડામાં શિક્ષણકાર્ય દરમિયાન નઈ તાલીમ શાળા હોવાના કારણે વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉત્સાહથી અભ્યાસ કરતા હતા. મેં ત્યાં લગભગ લોકભારતીના જેવું જ વાતાવરણ સર્જવાનો

પ્રયાસ કર્યો હતો. આ વર્ષો દરમિયાન અભ્યાસ કરી ગયેલા વિદ્યાર્થીઓ અમેરિકા, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, ચીન, જર્મની, જાપાન, નેપાળ, ફ્રાન્સ અને બાંગ્લાદેશમાં ખૂબ પ્રતિષ્ઠા પામ્યા છે.

અહીંના વાતાવરણમાં રહીને શિક્ષણ અને સંસ્કારની કેળવણી મેળવીને આજથી ૪૦ વર્ષ પૂર્વે અમેરિકામાં લૉસએન્જેલસમાં વસતા શ્રી મનુભાઈ પટોળિયા અને તેમનો પરિવાર આજે પણ તરવડાને ભૂલ્યો નથી અને નમ્રતાપૂર્વક વતનની સેવા કરે છે. તરવડામાં તેમણે ૧૫ વીઘા જમીન લઈ સ્વામીનારાયણ ગુરુકૂળ સંચાલિત શૈક્ષણિક સંકુલ એ જ આશ્રમમાં બનાવ્યું છે. અહીં ધોરણ ૧ થી ૧૨, કોલેજ અને અધ્યાપનમંદિરમાં રહીને વિદ્યાર્થીઓ શિક્ષણ, સંસ્કાર અને શિસ્તના પાઠ શીખે છે. દીવે દીવો પ્રગટે તે આનું નામ !

હું અને રમાબહેન જ્યારે જ્યારે અમેરિકાસ્થિત અમારા સંતાનોને ત્યાં છએક માસ રહેવા જઈએ છીએ ત્યારે દરેક વખતે અમને બંનેને પોતાને ત્યાં બોલાવે છે, અમારી સારી એવી આગતાસ્વાગતા કરે છે અને ગુરુદંપતી સાથેના સંબંધોને જીવંત રાખે છે. ગત જાન્યુઆરી, ૨૦૧૬માં તેઓ તેમના પરિવારના પુત્રના લગ્ન માટે ભારત આવ્યા હતા. અમને કંકોતરી મોકલી ખાસ આમંત્રણ આપતા અમે બંને પુત્રના લગ્નની જાનમાં રાજકોટ ગયા હતા.

મને લાગે છે કે એક શિક્ષક તરીકે વિદ્યાર્થીઓ, વાલીઓ અને ગામના આગેવાનોના મનમાં અમને જે આદરભરી જગ્યા  મળી છે તેના મૂળમાં લોકભારતીના સંસ્કારો જ છે. અત્રે મને એક ચિંતક વિલયમ આર્થર વૉર્ડનું આદર્શ શિક્ષકના સંદર્ભમાં એક વિધાન યાદ આવે છે : The mediocre teacher tells. The good teacher explains. The superior teacher demonstrates. The great teacher inspires.  આ વિધાન અહીં એટલા માટે મૂકું છું કે ૩૬ વર્ષની પ્રાથમિક શિક્ષક તરીકેની મારી કારકિર્દીમાં મેં વિદ્યાર્થીઓ સમક્ષ મન, વચન અને કર્મથી શિક્ષકધર્મ બજાવ્યો છે. એટલું જ નહીં, એમને ઉચ્ચતર જીવન જીવવાની અને સમાજ પ્રત્યેનું ઋણ ચૂકતે કરવાની પ્રેરણા આપી છે. લોકભારતીએ આપેલા પાયાના શિક્ષણ વિના ગુરુજનોના વાત્સલ્યપૂર્ણ સ્નેહ વિના, યોગ્ય પ્રેરણાદાયી વાતવરણ વિના આ શક્ય જ બન્યું ન હોત.

મેં નઈ તાલીમનું શિક્ષણ લોકભારતીમાંથી મેળવ્યું હતું, પણ તેનો પ્રત્યક્ષ અનુભવ મને હતો નહીં. નઈતાલીમ દ્વારા શિક્ષણ આપવાનું તો મારી બદલી ખડસલી (તા. સાવરકુંડલા, જિ. અમરેલી)માં થઈ ત્યારે બન્યું. શિક્ષક અને શિક્ષણ તરીકેના અનુભવનું ભાથું મને અહીંથી મળ્યું છે. શિક્ષણયજ્ઞમાં પુરોહિત બન્યો ત્યારે મારા મનમાં બાળ કેળવણીકાર 'મુછાળી મા' ગિજુભાઈ બધેકાની છબી હતી. મેં પણ કેવળ પુસ્તકિયું જ્ઞાન આપવાને બદલે વિદ્યાર્થીઓને ગમ્મત સાથે જ્ઞાન આપવાનું શરૂ કર્યું. શાળામાં નાટક, સંગીત, ઉત્સવોની ઉજવણી, રમત-ગમત, પ્રવાસ, પ્રદર્શન, પર્યટન,

પ્રાર્થનાસભા અને બાળમેળાનાં આયોજન કર્યાં. બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓ અને કલાને ખીલવી. આ બધાને કારણે ખડસલીની પ્રાથમિક શાળા અમરેલી જિલ્લાની આદર્શ શાળા બની શકી એ તો ખરું જ, પણ શિક્ષણ વિભાગ અને સમાજના લોકોએ મને સ્રશ્રેષ્ઠ શિક્ષકથ તરીકે એવૉર્ડ આપી મારી શૈક્ષણિક કારકિર્દી વધુ વેગવંતી બને એ માટે મને પ્રોત્સાહિત કર્યો હતો. લોકભારતીનું શિક્ષણ ન મળ્યું હોત તો આ પ્રતાપ પંડ્યાને શિક્ષક તરીકેની કારકિર્દીના આરંભમાં જ આવી સફળતા ભાગ્યે જ મળી હોત ! આવા ગુરુજનોને વંદન કરતા મને ગૌરવ થાય છે.

આ લખતાં લખતાં મારી શૈક્ષણિક કારકિર્દીના આરંભનાં વર્ષની એક બીજી ઘટના યાદ આવે છે. ૧૯૬૧માં તરેડથી મારી બદલી વાંડળિયાની પ્રા.શાળામાં થઈ. અહીં ગામના અગ્રણી શ્રી મોહનભાઈ પાંચાણી મને જાણે. વાંડળિયા શાળામાં એક દિવસ શિક્ષણકાર્ય ચાલુ હતું એ દરમિયાન શ્રી પાંચાણી મને તેમના ઘેર ચા પીવા માટે બોલાવવા આવ્યા. એમને એમ કે તેઓ આમંત્રણ આપશે કે તરત પ્રતાપભાઈ આવશે જ. પણ હું તો લોકભારતીનો વિદ્યાર્થી હતો. એટલે મેં વિનયપૂર્વક છતાં  ઢતાથી શાળાના આચાર્ય પણ સાંભળે એ રીતે કહ્યું : ચાલુ નિશાળે હું બીજા કામે કદી પણ ક્યાંય જતો નથી !

મોહનભાઈ બોલ્યા : તો પછી રિસેસમાં ચા પીવા આવો.

મેં વળતો જવાબ આપ્યો : હું સાંજે છ વાગ્યા પછી જ શાળામાંથી ઘેર જાઉં છું.

મોહનભાઈએ બચાવ કરતા દલીલ કરી : પણ ખુદ શાળાના આચાર્ય અને બીજા શિક્ષકો તો પોતાના અંગત કામે બહાર જાય જ છે ને ?

મેં પણ ઢતાપૂર્વક કહ્યું : બીજાને જે કરવું હોય તે કરે. આ પ્રતાપ પંડ્યા ફરજ દરમિયાન શાળા નહીં છોડે તે નહીં જ છોડે. આવી દૃઢતા અને સ્પષ્ટ વક્તૃત્વ લોકભારતીના શિક્ષણ વિના કેવી રીતે આવત ? કહેવાની ભાગ્યે જ જરૂર છે કે ભાઈ મોહનભાઈ પાંચાણી મારી વાતને સમજી ગયા. મારા પ્રત્યેનો તેમનો આદરભાવ વધી ગયો.

શિક્ષક તરીકેની કારકિર્દી દરમિયાન વારંવાર બદલીઓ થતી. એ અનુસાર ૧૯૮૨માં મારી બદલી ઈશ્વરિયા (જિ.અમરેલી)થી ગીરિયા (જિ.અમરેલી)ની પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે થઈ. આ ગામ શિક્ષણક્ષેત્રે અત્યંત પછાત હતું. માથાભારે સ્થાપિત તત્ત્વો અને મુસ્લીમ બહુમતિને કારણે આઝાદીનાં ૩૫ વર્ષ પછી પણ સ્વાતંત્ર્ય દિને અને પ્રજાસત્તાક દિને રાષ્ટ્રધ્વજ ફરક્યો નહોતો ! લોકભારતીએ મને શિક્ષણ અને સંસ્કારની સાથે દેશભક્તિના પાઠ પણ ભણાવ્યા હતા. એટલે ગામમાં આ બંને રાષ્ટ્રીય તહેવારોના દિવસે ધ્વજવંદન થાય એ માટે મેં પ્રયત્નો શરૂ કર્યા.

લોકભારતીને કારણે મારામાં વિનય, વિવેક અને ધૈર્ય જેવા ગુણો તો હતા જ. મેં મારા નિષ્ઠાપૂર્વકના પ્રયત્નોથી આ માથાભારે તત્ત્વો અને વિદ્યાર્થીઓનાં દિલ જીતી લીધાં. પરિણામે આઝાદીના સાડાત્રણ દાયકા પછી સૌ પ્રથમ વાર ગીરિયામાં ધ્વજવંદન થયું અને રાષ્ટ્રધ્વજ ફરક્યો ! હું અહીં આવ્યો ત્યારે શાળામાં ફક્ત ૪૨ વિદ્યાર્થીઓ જ અભ્યાસ કરતાં હતાં. મેં વાલીઓને તેમનાં સંતાનોને શાળાએ મોકલવા માટે સમજાવ્યાં. એમને કેળવણીનું મહત્ત્વ સમજાવ્યું. ગામની શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૪૨થી વધીને ૨૦૦ થઈ ! મારી શિક્ષણ પ્રત્યેની નિષ્ઠા અને સદ્‌વ્યવહારથી ગામ લોકો મને માનની નજરે જોવા લાગ્યા. મારી આ ઉપલબ્ધિનું શ્રેય હું લોકભારતી અને મારા ગુરુજનોને આપું છું.

જીવનમાં કસોટીના પણ સંખ્યાબંધ પ્રસંગો આવ્યા છે. તો ધીરજનાં મીઠાં ફળો ભોગવવાના પ્રસંગો પણ આવ્યા છે. આ બધા પ્રસંગે મારાં ધૈર્ય, નમ્રતા અને સ્થિતપ્રજ્ઞતા કામે આવ્યાં છે.

ચિ.મનીષા ત્યારે દોઢ વર્ષની હતી ત્યારે અમે તરવડામાં હતા. મનીષાને એક દિવસ તાવ આવ્યો. નાના બાળકને એ દિવસોમાં પોલિયો થાય તો એની સારવાર ઘણી અઘરી હતી. એનો ખર્ચ પણ આંખો પહોળી કરી નાખે એવો. વળી અમારો પતિ-પત્નીનો પગાર કંઈ એટલો બધો નહોતો કે એની સારવાર કરાવી શકાય. દીકરી પોલિયાને કારણે આજીવન વિશિષ્ટાંગ બનીને અસહાય-લાચાર પરિસ્થિતિમાં જ રહેશે એ વિચારે ધ્રૂજી જવાતું હતું. પિતાના મૃત્યુનો આઘાત તો બાળપણમાં જ જીરવી જવાયો હતો, પણ કદાચ આ આઘાત જીવનમાં મોટામાં મોટો હતો. પણ દોઢ વર્ષની મનીષા હિંમતવાળી નીકળી ! (આજે પણ અમેરિકામાં એ જ હિંમતથી રહે છે!) એણે હિંમત અને ધીરજથી અભ્યાસ ચાલુ રાખ્યો. અમે બંને તેની અસહાય સ્થિતિને કારણે દુઃખમાં દિવસો વિતાવતા હતા. આવા કપરા સંજોગોમાં પણ દસમા ધોરણની પરીક્ષામાં તે અમરેલી જિલ્લામાં પ્રથમ ક્રમે અને બોર્ડમાં બીજા ક્રમે આવી હતી. ડૉક્ટરોએ પણ આશા છોડી દીધી હતી. છતાં આર્થિક સંઘર્ષ વેઠીને પણ અમદાવાદમાં સારવાર કરાવી એને ચાલતી કરી. દસમાની પરીક્ષામાં જ્વલંત સફળતા આ ધૈર્ય અને મહેનતનું ફળ હતું. પછી તો બારમા ધોરણમાં પણ એ બોર્ડમાં ત્રીજા ક્રમે આવી. અમારા સંસ્કારોને કારણે એનામાં પણ સંજોગો અને સંઘર્ષનો સામનો કરવાની શક્તિ આવી હતી. સુરતમાં એકલી હૉસ્ટેલમાં રહી ઇલેક્ટ્રોનિક્સ ઍન્જિનિયર બની ગઈ. સુરતની કૉલેજમાંથી બી.ઈ.ઈ.સી.માં ગોલ્ડમૅડલ મેળવ્યો. યુ.એસ.એ.માં નોકરીની તક મળતાં એકલી જ યુ.એસ.એ. ગઈ. એમ.ટી.એમ. કંપની શિકાગોમાં, ત્યાંથી નાસામાં અને અત્યારે યુ.એસ.એ.માં વિશ્વની પ્રથમ નંબરની કંપની સ્રએપલથમાં કાર્યરત છે. આ દરમિયાન યુરોપ, જાપાન, તાઈવાન, ચાઈના અને સીંગાપોરમાં ઍન્જિનિયરીંગ કૉન્ફરન્સ, મિટીંગ્સ અને સેમીનારમાં ભાગ લીધો છે. આવી દીકરી

માટે ક્યા માતા-પિતાને ગર્વ ન થાય ? ખુદ મનીષાએ લખ્યું છે : "મારા પપ્પાએ મારામાં જે સાત સિદ્ધાંતોનું સિંચન કર્યું છે એ મારા હૃદય, મન અને લોહીમાં હરપળે જાગૃત છે અને રહેશે. સત્યપ્રિયતા, અથાગ પરિશ્રમ, નીડરતા, નમ્રતા, કરુણા, વિશ્વબંધુત્વ, ખુમારી અને will power to excell " ("ઝાકળઝીલ્યાં પારિજાત" : પૃ.૫૮)

માતા-પિતાને આનાથી શ્રેષ્ઠ અંજલિ બીજી કઈ હોઈ શકે ?

પુસ્તિકાના શીર્ષકમાં લખ્યું છે : 'બીજમાંથી વૃક્ષ થઈ મહાલ્યા કરું' એ સહેતુક છે. એનું બીજું એક દૃષ્ટાંત આપું. હું મનીષાને ત્યાં કેલિફોર્નિયા હતો. લોકભારતીમાં 'દર્શક' જેવાની પ્રેરણા એવી થઈ કે હું શિક્ષણ, સંસ્કાર, સમાજ વિશે વિચારું છું. એ વિશેના પુસ્તકો ગમે ત્યાંથી મેળવીને વાચું છું, વિચારું છું અને ચિંતન કરું છું. લોકભારતીએ સૌથી મોટી વાત માનવતાની કહી હતી અને એવું જ શિક્ષણ આપ્યું હતું. મેં ત્યાં ઇન્ટરનેટ બ્લોગ પર 'માનવસેવા એ જ ધર્મ' એ શીર્ષકથી એક લેખ લખ્યો. નવાઈની વાત એ છે કે ડૉલર અને પાઉન્ડના મોહમાં અમેરિકા અને ઇંગ્લેન્ડમાં વસેલા અને સમગ્ર વિશ્વના ગુજરાતીઓ પર આ લેખે મોટી અસર ઊભી કરી હતી. લેખમાં મેં સામાજિક કુરિવાજો, મૂર્તિપૂજા, ગોરપદું વગેરેનો ખુલ્લો વિરોધ કરીને માણસની સેવા, ગરીબની સેવા એ જ સાચી સેવા છે એવો વિચાર વ્યક્ત કર્યો હતો. આ ઉપરથી એમ ચોક્કસ કહી શકાય કે લોકભારતીએ આપેલા વિચારો કેવળ અભ્યાસ કરનાર વિદ્યાર્થીને જ નહીં, સમગ્ર માનવજાતની ઉન્નતિ માટે ઉપકારક છે.

લોકભારતીએ શીખવ્યું છે કે પડકાર સામે પુરુષાર્થ કરી, ઝંઝાવાતોનો સામનો કરી આગળ વધો. એ પ્રમાણે મેં મારું જીવનઘડતર કર્યું છે. સંતાનોને એ જ શીખવ્યું છે. મારા પુત્ર ગૌરાંગને ત્યાં ટેક્સાસ ગયો ત્યારે એક ઘટનાના સાક્ષી બનવાનું થયું. ત્યારે ખબર પડી કે સંતાનોમાં એ પડકારની ભાવના કેવી ઊતરી છે. સ્વ. મનુદાદા, સ્વ. નાનાદાદા તથા પૂ. મૂળશંકરભાઈ ભટ્ટે પરિવારસમો પ્રેમ, વહાલ અને ક્ષમાશીલતાનો અનુભવ કરાવ્યો છે તેનો પ્રયોગ-ઉપયોગ જીવનમાં થયો તેના કેવા સુંદર ફળ મળ્યાં છે તેનું આ ઘટના દ્વારા નિરૂપણ કર્યું છે.

દુનિયાભરની સેલફોન કંપનીઓમાં 'ટી' મોબાઈલ કંપની અગ્રસ્થાન ભોગવે છે. સિયટલ (યુ.એસ.એ.)માં આ કંપનીની હેડ ઑફિસ છે. આ કંપનીએ નિશ્ચિત સમય મર્યાદામાં રહીને અમેરિકાના દસ રાજ્યોમાં 'ટી' મોબાઈલ કંપનીનું નેટવર્ક ઊભું કરવાનો પાંચ હજાર કરોડનો પ્રોજેક્ટ મારા પુત્ર ચિ. ગૌરાંગ, તેના બૉસ મિ. ફર્ડીજ્હોન અને બીજા ચાર એન્જિનિયરોને સોંપ્યો હતો. ગૌરાંગ, મિ. ફર્ડી અને અન્ય સાથી એન્જિનિયરોએ પ્રોજેક્ટ પર કામ તો શરૂ કર્યું પણ અન્ય

કંપનીઓની તીવ્ર ગળાકાપ હરીફાઈ, માણસોની ખેંચ અને સમયમર્યાદામાં કામ પૂરું કરવું અત્યંત કઠિન લાગતું હતું. ગૌરાંગે મને તેની મુશ્કેલી અને પડકાર વિશે ફોન પર જણાવ્યું. મને તો લોકભારતીએ પડકાર સામે પુરુષાર્થ કરવાનું શીખવ્યું જ હતું. મેં તેને હિંમત આપતાં કહ્યું : 'વિકાસ માટેની કોઈપણ તક આવે ત્યારે હિંમત અને વિશ્વાસથી સ્વીકારી લેવી. અડગ મનના માનવીને હિમાલય પણ નથી નડતો.

માટે યા હોમ કરીને પડો, ફતેહ છે આગે...'

૩૪ વર્ષના ગૌરાંગે ૬૪ વર્ષના એના બૉસને કહ્યું કે આપણે સારી રીતે અને નિર્ધારિત સમય કરતાં વહેલું પૂરું કરી, કંપનીએ આપેલા બજેટ કરતાં ૨૫% નાણાં ઓછાં ખર્ચીને આપણી તાકાત અને નિષ્ઠાનો પરચો બતાવવો છે.

પછી તો હું આ વાત ભૂલી ગયો હતો. પણ ઑગસ્ટ, ૨૦૧૨માં અમેરિકામાં સિયેટલ ગૌરાંગને ત્યાં ગયા ત્યારે તેણે મને કહ્યું : 'તમારે ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૨ના દિવસે અમારી કંપનીના એક ફંક્શનમાં હાજરી આપવાની છે.' મને નવાઈ લાગી. થોડી અવઢવ પણ થઈ કે ત્યાં તો બધા અમેરિકનો હશે. બધાં જ અંગ્રેજી બોલતા હશે. ગુજરાતી તો લગભગ કોઈ જ નહીં હોય. મારું ત્યાં શું કામ હશે ? હું ત્યાં જઈને શું કરીશ ?'

મારા ચહેરાના હાવભાવ ગૌરાંગે વાંચી લીધા. મને કહ્યું કે તમારી મૂંઝવણ હું સમજી ગયો છું. તમે કશું વિચાર્યા વગર મારી સાથે આવજો. હું ગૌરાંગ સાથે ખચકાતા મને સ્ત્રટીથ કંપનીના ભવ્ય સભાખંડમાં પ્રવેશ્યો. ગોળાકાર બેઠકોવાળો સભાખંડ સૂટ-ટાઈમાં સ ગોરા અમેરિકનોથી ભરેલો હતો. જ્યારે મેં તો ખાદીનો ઝભ્ભો, લેંઘો અને પગમાં ચંપલ પહેર્યાં હતાં. હું સભાખંડમાં પ્રવેશ્યો તેની નોંધ બધાંની આંખોએ લીધી. મેં ભોંઠપ અનુભવી. ગૌરાંગે પણ પેન્ટ અને ટી-શર્ટ જ પહેર્યાં હતાં. ગૌરાંગે બે ગુજરાતી ભાઈઓ અને ચારેક પંજાબી મિત્રોની ઓળખાણ કરાવી. ગૌરાંગના બૉસ મિ. ફર્ડી જ્હોને મને જોયો. તેઓ બીજા અધિકારી પાસેથી મારી પાસે આવ્યા. ભારતીય શિષ્ટાચાર મુજબ મને બે હાથ જોડી 'નમસ્તે' કર્યા અને પગે લાગ્યા. હૉલમાં રહેલા ભારતીયો આ શ્ય જોઈ નવાઈ પામ્યા અને ફટાફટ ઊભા થઈ ગયા. બધા મને મળ્યા. કોઈ ભેટયું, કોઈએ હસ્તધૂનન કર્યું તો કોઈએ વંદન કર્યા. હું સાનંદાશ્ચર્યમાં ડૂબી ગયો. મને તો એમ હતું કે મારો ચિરંજીવી, જ્યાં ચાલીસથી પચાસ કર્મચારીઓ કામ કરે છે તેમાંનો એક ઍન્જિનિયર છે. તેમાં આપણે કોણ ? ગૌરાંગના પિતા તરીકે સૌએ જે માન આપ્યું તેનાથી હું ગદ્ગદ્ થઈ ભાવવિભોર બની ગયો.

આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. ઘડીભર મને લાગ્યું કે હું ઈશ્વરની કૃપા કે પડકાર સામે પુરુષાર્થનું ફળ ભોગવી રહ્યો છું.

પાછળથી મને ખબર પડી કે આજે 'ટી' મોબાઈલના નવા પ્રોજેક્ટની સફળતાનું પ્રેઝન્ટેશન હતું. વિશ્વના ૧૪ થી ૧૫ દેશોના ખાસ પ્રતિનિધિઓની હાજરીમાં નવી આઈ.સી.નું સંશોધન અને અમેરિકાનાં દસ રાજ્યોમાં જે પ્રોજેક્ટ પૂરો કરવાનો હતો તેની સફળતાની જાહેરાત કરવાની હતી. અહીંના રિવાજ પ્રમાણે અને કંપનીના વિભાગ પ્રમાણે ડાયરેક્ટર્સ અને મેનેજર્સ પોતાના સહકાર્યકરોને સંપૂર્ણ માન સાથે ભેટીને સ્ટેજ પર બેસાડતા હતા. કંપનીના માલિકો-ભાગીદારો સામે મૂકેલી ખુરશીઓ પર બેસીને સફળ કામ કરનાર, સારું કામ કરનાર પ્રત્યેક નાના કર્મચારીનું બૂકે આપીને નીચા નમીને અભિવાદન કરતા હતા.

ગૌરાંગ અને મિ. ફર્ડીના પ્રોજેક્ટનો ક્રમ આવ્યો ત્યારે ધ્વનિવર્ધક યંત્ર પરથી સ્ત્રગૌરાંગ પંડ્યા સ્ટેજ પર આવેથ સાંભળતા જ તાળીઓના ગડગડાટથી આખો સભાખંડ ગાજી ઊઠયો ! પછી આવેલા મહેમાનોએ ગૌરાંગ, મિ.ફર્ડી અને બીજા ચાર સહકર્મચારીઓનું સન્માન કર્યું અને દરેકને તેમની કદરના પ્રતીકરૂપે ચેક અર્પણ કર્યા.

આ પછી મિ.ફર્ડીએ પ્રોજેક્ટ વિશે વાત કરતાં કહ્યું કે આ પ્રોજેક્ટની સફળતાનો સઘળો યશ મિ. ગૌરાંગને જાય છે. સખત અને સતત પરિશ્રમ, પ્રયાસ અને પ્રામાણિક વ્યવહાર અમે એક ભારતીય મિ.ગૌરાંગ પાસેથી શીખ્યા છીએ. તેમની યોજના પ્રમાણે અમે આ પ્રોજેક્ટના અંદાજ કરતાં ૨૫% ખર્ચ બચાવ્યો છે. એના આત્મબળ અને વિશ્વાસને કારણે અમે બીજા રાજ્યોમાં જે મુશ્કેલીઓ આવી એનો પડકાર સફળતાપૂર્વક ઝીલી શક્યા છીએ.

વધુમાં મિ. ફર્ડીએ કહ્યું કે હવે મારે જે કહેવાનું છે તે ગૌરાંગના પિતાની હાજરીમાં જ કહીશ. કંપનીએ અમારા પર વિશ્વાસ રાખી આટલી મોટી રકમ તો ખર્ચ કરવા માટે નાણાં આપ્યાં છે એ માટે અમે કંપનીનો આભાર માનીએ છીએ. સાથે સાથે અમને એ વાતનું ગૌરવ છે કે ભારતના એક સામાન્ય આર્થિક સ્થિતિના પ્રાથમિક શિક્ષકના દીકરાએ પોતાના પગાર અને ભથ્થાં સિવાય એક સેન્ટ પણ વધારે લીધો નથી. સામાન્ય હૉટેલમાં રહીને સાદું જ ભોજન લેતો હતો. ક્યારેય પણ કંપનીની નાનામાં નાની વસ્તુ પણ પોતાને ઘેર નથી લઈ ગયો. એના માતા-પિતાને ઇન્ડિયા ફોન પણ પોતાના ખર્ચે જ કરતો હતો. હરીફ કંપનીઓ જ્યારે લાલચ આપીને અમારા કામમાં અવરોધ લાવવાના પ્રયત્નો કરતી હતી, પણ ગૌરાંગે આ લાલચમાં આવ્યા વિના હિંમતભેર કામ

કરી પોતાનું કર્તવ્ય બજાવ્યું છે. તેને કારણે જ કંપનીના ૧૦૦ કરોડ બચ્યા છે. આ પ્રોજેક્ટથી કંપનીને આવતા વર્ષે ૩૫૦૦ કરોડ ડૉલરનો નફો થશે.

આ સાંભળતાં જ હૉલમાં હાજર રહેલાઓએ ઊભા થઈને ગૌરાંગ અને તેના સાથીદારોને ઊભા થઈને માન આપ્યું.

ગૌરાંગને પાંચ મિનિટ બોલવાનું કહેતા તેણે કહ્યું :

'લેડીઝ એન્ડ જેન્ટલમેન માય બોસ મિ.ફર્ડી એન્ડ માય કલીંગ્સ'

મારો જન્મ ભારતના ગુજરાત રાજ્યનાં સૌરાષ્ટ્રના નાના સરખા ગામ તરવડાના સર્વોદય આશ્રમમાં થયો હતો. મારા પિતાશ્રી ગાંધીજીના સિદ્ધાંતોને વરેલી સંસ્થા લોકભારતી, સણોસરામાં રહીને ભણ્યા છે. એમણે પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે આજીવન પ્રામાણિક રહીને નિષ્ઠાપૂર્વક ફરજો બજાવીને વિદ્યાર્થીઓના ભવિષ્યને ઉવળ બનાવ્યું છે, એટલું જ નહીં, ગ્રામોદ્ધારનાં કાર્યો કરીને પોતાની સામાજિક ફરજ બજાવી છે. એમણે લોકભારતીનાં મૂલ્યો અમને વારસામાં આપ્યાં છે. આના પરિણામે આટલો મોટો પડકારરૂપ પોજેક્ટ અમે સફળતાપૂર્વક પૂરો કરી શક્યા છીએ.

મારી છાતી ગજ ગજ ફૂલી. ગૌરાંગ સ્ટેજ પરથી નીચે ઊતરી મને પગે લાગ્યો. કંપનીએ પણ આ પ્રોજેક્ટના સહભાગી તમામ સાથીઓને ૫૦ હજાર ડૉલરનો બોનસનો ચેક આપ્યો.

અહીંથી પરવારી ડીનર લઈ અમે ઘેર આવ્યા ત્યારે સોફા ઉપર બેઠા બેઠા હું લોકભારતી અને અમારા સમયના ગુરુજનોને યાદ કરી ભૂતકાળને વાગોળતો રહ્યો. મારા જેવા ધૂળનાં ઢેફાંને લોકભારતીએ પારસમણિનો સ્પર્શ કરાવી શુદ્ધ કુંદન જેવા બનાવ્યા છે.

કોઈએ કહ્યું છે કે બ્રાહ્મણમાત્ર લોભી હોય. હું પણ જન્મે બ્રાહ્મણ હતો. શિક્ષક તરીકે જે આવક થતી હતી તેમાંથી ઘર ચલાવવું અઘરું હતું. ઘરખર્ચને પહોંચી વળવા મને વેપાર કરી આવક રળવાનો લોભ થયો. અમરેલીમાં સ્ટેશન રોડ પર 'સહકાર ટ્રેડર્સ' નામે જથ્થાબંધ વ્યાપાર શરૂ કર્યો. થોડા સમય પછી ભાગીદારી છૂટી કરી મેં 'શ્રી ગૌરાંગ ટ્રેડીંગ' નામથી સ્વતંત્ર વેપાર શરૂ કર્યો. પણ મારામાં રહેલા શિક્ષકનો રંગ ઊતરે નહીં ને વેપારનો રંગ ચઢે નહીં ! પરિણામ જે આવવું જોઈએ તે જ આવ્યું. ધંધો ધીમે ધીમે મંદ પડવા લાગ્યો. મિત્રો પણ જે પણ શિક્ષકો જ હતા ! ખુશામતિયા મળ્યા. મને પાણી ચડાવતા ગયા અને હું પૈસાની ખેંચ ટાળવા આ મિત્રો પાસેથી જ ઊંચા વ્યાજે પૈસા લેતો ગયો. જેમ કુંજ પક્ષીઓ ખેડૂતોએ તૈયાર કરેલો પાક ખેડૂત ખેતરમાં હાજર ન હોય ત્યારે ખાઈ જાય એ રીતે આ ખુશામતખોર મિત્રો દલાતરવાડીની જેમ દુકાનમાંથી જોઈતી વસ્તુઓ

લઈ જાય ! આમ ને આમ પડાવી લેવાતી વૃત્તિવાળા મિત્રોનું ઊંચું વ્યાજ અને ધંધામાં હરીફાઈને કારણે ધંધામાં નફો થવાના બદલે ધીમે ધીમે ભારે નુક્સાન થવા લાગ્યું. આ ખોટ પૂરી કરવા મેં ચાવંડ ગામના માથાભારે કહેવાતા તત્ત્વો પાસેથી રકમ વ્યાજે લીધી. આ માણસો અવારનવાર આવીને ધાકધમકી આપી જતા હતા. મેં એમની પાસે મારું અમરેલીનું 'રમાકુંજ' મકાન ગીરવે મૂકયું હતું. સંજોગો વિપરીત બનતા જતા હતા. ધંધો ખાસ ચાલતો નહોતો. (બ્રાહ્મણનો દીકરો વેપારમાં પડે તો આવું જ થાય ને !) આખરે ધંધો સમેટીને દુકાન વેચી દીધી. પણ આર્થિક સમસ્યા વિકરાળ બનતી જતી હતી. ચાવંડના માથાભારે માણસે 'દાદા' કહેવાતા લોકોને મારે ત્યાં મોકલ્યા અને ધમકી આપી કે મકાન ખાલી કરી નાખો. આ મકાન હવે અમારું છે. ગીરોખતમાં લખાણ છે કે વ્યાજની રકમ ભરાય નહીં તો મકાન ખાલી કરી અમોને સોંપી દેવું. આ લોકોનો સ્પષ્ટ ઇરાદો આમ કરીને મકાન પડાવી લેવાનો હતો. આ સંજોગોમાં 'કાર્યેષુ મંત્રી' એવાં સૌ.રમાબહેને અપાર ધૈર્યપૂર્વક મને સાથ આપ્યો. આવી વિષમ પરિસ્થિતિમાં બીજો શિક્ષક હોય તો મોટી રકમ લઈ ટ્યૂશનો કરે. પણ મારામાં હજી ઊંડે ઊંડે લોકભારતીના સંસ્કારો જાગૃત હતા. મેં ધરાર ટ્યૂશનો ન જ કર્યાં. એક દિવસ અમે શિક્ષક દંપતી નોકરી દરમિયાન ભેગી થયેલી પ્રોવિડન્ટ ફંડ અને બોનસની રકમ ઉપાડીને પેલા માથાભારે માણસના ઘેર ગયા. કહ્યું કે તમારી જે રકમ લેવાની થતી હોય તે બોલો. અમારે તમારા પૈસા વ્યાજસહિત ચૂકવીને મકાન છોડાવી લેવું છે. પેલાએ દાદાગીરી કરી અને મકાનનો કબજો સોંપી દેવાની અને નહીં તો પરિણામ ભોગવી લેવાની ધમકી આપી. એની ધમકી સામે હું જરાપણ ડગ્યો નહીં. મને લોકભારતીમાં નીડરતાપૂર્વક કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવાનું શિક્ષણ મળ્યું હતું. મેં ડર્યા વિના એને સ્પષ્ટ સંભળાવી દીધું કે તારામાં તાકાત હોય તો 'રમાકુંજ'માં પગ મૂકી જોજે. પછી તને ખબર પડશે કે તું અત્યારે હીંચકે ઝૂલે છે પછી હું તને લોકઅપના સળિયા ના દેખાડું તો હું પ્રતાપ પંડ્યા નહીં ! અને જાણે ચમત્કાર થયો હોય એમ બાકી પડતી રકમ ચૂકતે લઈ, મકાનના ગીરોખતનો દસ્તાવેજ પાછો આપી સમાધાન કરી લીધું ! પડશે કે તું અત્યારે હીંચકે ઝૂલે છે પછી હું તને લોકઅપના સળિયા ના દેખાડું તો હું પ્રતાપ પંડ્યા નહીં ! અને જાણે ચમત્કાર થયો હોય એમ બાકી પડતી રકમ ચૂકતે લઈ, મકાનના ગીરોખતનો દસ્તાવેજ પાછો આપી સમાધાન કરી લીધું !

આવા સંજોગોમાં લોકભારતીએ નીડરતા, ધીરજ અને પ્રમાણિકતાના પાઠ ન ભણાવ્યા ન હોત શું થાત ? આવી લોકભારતી અને ગુરુજનોને નતમસ્તક વંદન.

મેં મારી ઉતરાવસ્થામાં વેદનો અભ્યાસ કર્યો છે. વિદ્યાર્થીઓનાં જીવનમાં ઉચ્ચ કક્ષાનાં માનવમૂલ્યોનું જતન કરતી સંસ્થા લોકભારતીમાં પૂ.નાનાભાઈ ભટ્ટ, પૂ. મનુભાઈ પંચોળી

સ્નદર્શકથ અને પૂ. મૂળશંકરભાઈ ભટ્ટ જેવા વેદની વ્યાખ્યા પ્રમાણે બ્રાહ્મણત્વને વરેલા મહાપુરૂષો દ્વારા મારા જીવનનું ઘડતર થયું છે. આજે હું સદ્‌ગૃહસ્થ થઈ શક્યો હોઉં અને સનતાથી જીવીને મારી શક્તિમતિ પ્રમાણે સમાજને ઉપયોગી થઈ શક્યો હોઉં તો એના પાયામાં આ ત્રણેય મહાન કેળવણીકારોના સંસ્કારો મારામાં ઊતર્યા છે. આ ગુરુજનોના પ્રત્યક્ષ શુદ્ધ આચરણ, ચારિત્ર્યવાન જીવન, સત્યનો માર્ગ અને પુરુષાર્થનો પ્રભાવ જોવા અને જાણવા અને પ્રત્યક્ષ અનુભવો સાંભળવાના મળ્યા. આના કારણે તરુણાવસ્થામાંથી યુવાવસ્થામાં પ્રવેશવાના સમયે મારા ચારિત્ર્યનું ઘડતર થયું. મારામાં રહેલા શિક્ષકના આત્માને જાગૃત કર્યો છે. મને ગર્વ છે કે હું આજે મારી માતૃસંસ્થા લોકભારતીનો મૂલ્યવાન શિક્ષણ અને સંસ્કારનો વારસો લઈ હું જગતના ચોકમાં ઊભો છું.

નિવૃત્તિ પછી આ વારસો લઈને હું ઘણીવાર અમેરિકા ગયો છું. ત્યાં પણ જ્ઞાનયજ્ઞનો દીપક પ્રવલિત કર્યો છે. કેલિફોર્નિયા અને ડલાસમાં ગુજરાતીઓ સમક્ષ શિક્ષક તરીકે મેં તેમને માતૃભાષાના ગૌરવ વિશે કહ્યું છે. તેમનામાં વાચન પ્રત્યે અભિરુચિ જન્મે એ માટે ત્યાંના સ્નબે એરિયાથમાં સહિયારા વાચનનો પ્રયોગ કર્યો છે. 'પુસ્તક પરબ'નો આરંભ કરી તેમની સમક્ષ જ્ઞાનભંડાર ખુલ્લો મૂકી દીધો છે.

લોકભારતીએ શીખવ્યું છે કે તમે જ્યાં જાઓ ત્યાં કોઈ સારી વસ્તુ વિશે જાણવાનું મળે તે જાણજો. અને ભૌતિક અને મોજશોખની વસ્તુઓ ન લાવતાં શિક્ષણ અને સંસ્કારનો વારસો લઈ આવજો અને અન્યોને તેનો લાભ આપજો. લોકભારતીએ આપેલા શિક્ષણને કારણે સમાજમાં શિક્ષણનો પ્રસાર કર્યો. તો પૂ. 'દર્શક'દાદા પ્રેરિત

વાચનરસની જાગૃતિને કારણે 'પુસ્તક પરબ' જેવી ગુજરાતભરમાં અને અમેરિકામાં શાખાઓ ઊભી કરી શક્યો છું. અમેરિકાની બીજી મુલાકાત વખતે અહીંની શિક્ષણ સંસ્થાઓની મુલાકાત લીધી. મેં જોયું કે અમેરિકામાં શિક્ષણના કેન્દ્રમાં બાળક છે. સમૃદ્ધિના શિખર પર પહોંચવા આ દેશને સર્વ ક્ષેત્રોમાં વિકાસ કરતો રાખીને બાળકને શરૂઆતથી જ સંપૂર્ણ પ્રેમ, પ્રોત્સાહન અને સુવિધા આપવામાં આવે છે. ત્રણ કૉલેજો, ચાર હાઈસ્કૂલો, પ્રાથમિક શાળાઓ અને ૭-૮ બાળકેન્દ્રોની મુલાકાત પછી મને લાગે છે કે આપણે સંસ્કૃતિ જાળવી રાખીને તેની શિક્ષણપ્રથા અપનાવવી જોઈએ. મને લાગે છે કે ભારત દેશ બુદ્ધિશાળી માણસોની ખાણ છે. તેને જરૂર છે યોગ્ય કેળવણી આપવાની. લોકભારતી જેવી શિક્ષણ સંસ્થાઓનો પ્રસાર થાય અને શિક્ષણક્ષેત્રે થોડો નવો અભિગમ અપનાવી લેવામાં આવે તો જ લોકજાગૃતિ આવશે. (સંદર્ભ – 'શિક્ષણ : જ્ઞાનની પરબ')

મને લાગે છે કે આપણામાં યોગ્ય સંસ્કારવારસો હોય તો જીવનમાં સામાજિક, ધાર્મિક અને અન્ય ક્ષેત્રોના મહાનુભાવો અને સંતો-મહંતો પાસેથી પણ ઘણું શીખવાનું મળે છે. લોકભારતીએ આપેલી કેળવણીને કારણે જ મને સંખ્યાબંધ મહાનુભાવોનો મેળાપ થયો છે. કેટલાંક નામ ગણાવું તો દુલેરાય માટલિયા (માલપરા), કનુભાઈ લહેરી (અમરેલી), દ્વારકાદાસ પટેલ, ગુણવંતભાઈ પુરોહિત, રાજકોટ ગુરુકુળના પૂ. ધર્મદાસજી સ્વામી, ગોંડલના પૂ. યોગીજી મહારાજ, રામદાસ ગોદડિયા (ઢસા જંક્શન), પૂ. બજરંગદાસ બાપા (બગદાણા), સામાજિક અને રાજકીય આગેવાનોમાં શ્રી રતુભાઈ અદાણી, સુશ્રી જયા બહેન શાહ, શ્રી વજુભાઈ શાહ, શ્રી પુરુષોતમ રૂપાલા, વડોદરાના ડૉ.વી.સી. પટેલ, નાટ્યવિદ્ પ્રો. માર્કણ્ડ ભટ્ટ, દંતાલીના પૂ. સચ્ચિદાનંદજી, લોકસાહિત્ય-વિદ્ શ્રી જોરાવરસિંહ જાદવ, શ્રી પી.કે. લહેરી, ડૉ. પ્રવીણ દરજી - આ સૌનો સંપર્ક મારા પૂ. ગુરુજનોના શિષ્ય હોવાના નાતે અને શિક્ષણના સંસ્કારોના પ્રતાપે થયો છે. મારી પ્રવૃત્તિઓથી પ્રભાવિત સંત પૂ. મોરારિબાપુએ 'અસ્મિતાપર્વ-૧૫' અને 'અસ્મિતાપર્વ-૧૮'માં પુસ્તકાલય પ્રવૃત્તિને બિરદાવી મારું સન્માન કરી મારું ગૌરવ વધાર્યું છે. આનો સઘળો યશ લોકભારતીને ફાળે જાય છે.

લોકભારતી, સણોસરામાં પ્રવેશ મળવો, પૂ. મૂળશંકરભાઈ જેવા શ્રેષ્ઠ ગુરુજનોની નિશ્રા મળવી, નાની તો નાની પણ કારકિર્દીના આરંભે પી.ટી.સી.ની પદવી મેળવી એનો આનંદ છે. આગળ કૂવો હોય અને પાછળ ખાઈ હોય તો એનું શું પરિણામ આવે તે આપણે જાણીએ છીએ. મારા કિસ્સામાં મારા જીવનના ખરાબે ચઢેલા વહાણને કિનારા સુધી પહોંચાડવાનું કામ આ વિદ્યાપુરુષોએ કર્યું છે. આથી હું પણ જ્ઞાન પીપાસુઓની તૃષાને તૃપ્ત કરવા મથ્યો છું. કહે છે કે આપણને કશુંક મળે એને વહેંચીને ખાવાનો આનંદ કઈ ઑર જ હોય છે. જીવનભર શિક્ષણક્ષેત્રે કામ કરીને આનંદના સરવાળા અને ગુણાકાર કરીને સાચા અર્થમાં 'શિક્ષણવિદ્' બનવાનું સદ્ભાગ્ય મળ્યું છે. જીવનની આ ધન્ય પળોને વાગોળતાં વાગોળતાં હું ઢળતી વયે આજે પણ ૨૦-૨૨ વર્ષનો યુવાન બની જાઉં છું.

'લોકભારતી' મારા જીવન સાથે વણાઈ ગયેલો પંચાક્ષરી મંત્ર છે.

## વૃક્ષનાં કેટલાંક ફળો – ચિત્રમાધ્યમે











